# જીવન જીવવાનો નવો માર્ગ



ખ્રિસ્તનો સ્વીકાર કરવાના અર્થને સમજવો

જોયસ મેયર

ન્યુયોર્ક ટાઈમ્સના વધુ વેચાતા પુસ્તકોના લેખક

# જીવન જીવવાનો
# નવો માર્ગ

# જીવન જીવવાનો નવો માર્ગ

## ખ્રિસ્તનો સ્વીકાર કરવાના અર્થને સમજવો

## જોયસ મેયર

JOYCE MEYER
MINISTRIES®
Sharing Christ – Loving People

C14, Vikrampuri Colony, Karkhana, Secunderabad, Telangana - 500 009

If you purchase this book without a cover you should be aware that this book may have been stolen property and reported as "unsold and destroyed" to the publisher. In such case neither the author nor the publisher has received any payment for this "stripped book."

Unless otherwise indicated, all Scripture quotations are taken from THE AMPLIFIED BIBLE: Old Testament. Copyright © 1962, 1964 by Zondervan Publishing House (used by permission); THE KING JAMES VERSION; and from THE AMPLIFIED NEW TESTAMENT. Copyright© 1958 by the Lockman Foundation (used by permission).

The author would like to acknowledge that the story used in chapter 3, on pages 11-13 is on original sermon illustration by Dr. Monroe Parker and is used by permission of Gospel Projects Press,
P.O. Box 643, Milton, FL 32572: copyright 1977.
www.childrensbibleclub.com

Copyright © 2020 by Joyce Meyer Ministries

All rights reserved. No part of this publication may be reproduced, distributed, or transmitted in any form or by any means, or stored in a database or retrieval system, without the prior written permission of Joyce Meyer Ministries.

Joyce Meyer Ministries
C14, Vikrampuri Colony,
Karkhana, Secunderabad,
Telangana - 500 009

A New Way of Living - *Gujarathi (R1 - 2020)*
*Understanding What It Means to Accept Christ*

*Printed at:*
Caxton Offset Pvt. Ltd.
Hyderabad - 500 004

# અનુક્રમણિકા


૧. તમે લઈ શકો એવો સૌથી મહત્વનો નિર્ણય 1

૨. આપણે બધાંએ પાપ કર્યું છે 5

૩. આ સમર્પણનો સમય છે 11

૪. જીવન જીવવનો નવો માર્ગ 17

૫. વિચાર કરવાનો નવો માર્ગ 26

૬. વાતચીત કરવાનો નવો માર્ગ 33

૭. તમારી જાતને જોવાનો નવો માર્ગ 38

૮. બીકના બદલામાં વિશ્વાસનો વિનિમય 44

૯. તમારા જીવનનો આનંદ માણો 48

તારણની પ્રાર્થના 53

સાહિત્ય માટેની ભલામણ 55

# પ્રકરણ ૧

# તમે લઈ શકો એવો સૌથી મહત્વનો નિર્ણય

શું તમે તમારા જીવનથી અસંતુષ્ટ છો? જો હા, તો તમે એકલા જ એવા વ્યક્તિ નથી. સેંકડો લોકો થાકી ગયા છે, નિર્ગત થઇ ગયા છે, અને તેમના જીવનમાં ખાલીપો કે અપૂર્ણતાનો અનુભવ કરી રહ્યા છે. કેટલાક લોકો તેમની લાગણીઓ મુજબનું સમાધાન શોધવા માટેની આશામાં ધાર્મિક પ્રવૃત્તિઓ તરફ વળ્યા અને નિર્જીવ તથા ગેરવાજબી નિયમો કે જેને તેઓ પાળી શકતા નથી એવા બોજા તળે દબાઇ ગયા છે. જો તમે ધર્મને અજમાવી જોયો છે તો તેનો અર્થ એ નથી કે તમે તમારા ખાલી, નિરાશાજનક અને અપરાધભાવથી ભરેલા જીવનના સમાધાન તરીકે ઈશ્વરને શોધવાનો પ્રયત્ન કર્યો છે.

જો તમારી જરૂરિયાત પ્રેમનો અનુભવ કરવાની છે, જો તમારે મિત્રની જરૂર છે, જો તમારે તમારા પાપોની માફીની, અને સારા ભવિષ્યની જરૂર છે…તો તેનો ઉત્તર ઈસુ ખ્રિસ્ત છે. તે તમને નવું જીવન આપવાની અને તમને નવું સર્જન બનાવવાની વાટ જુએ છે.

જો તમે તમારા જીવનથી સંતુષ્ટ નથી તો તમારે કંઇ બદલવું જ પડે. જો આપણે પહેલાં જે કામો કરતા હતા એ જ કામો કર્યા કરીએ તો આપણું જીવન પહેલાના જેવું જ રહેશે. તમારે એક નિર્ણય લેવાની જરૂર છે, અને તે નિર્ણય તો સૌથી મહત્વનો નિર્ણય હોવો જોઇએ.

આ નિર્ણય તો તમારી કારકિર્દીનો નિર્ણય કે તમે કઇ કોલેજમાં પ્રવેશ મેળવશો, કોની સાથે લગ્ન કરશો, કેવી રીતે નાણાનું રોકાણ કરશો કે, ક્યાં રહેશો એ સઘળી બાબતો કરતાં પણ વધારે મહત્વનો નિર્ણય છે. આ નિર્ણય તો અનંતકાળને લગતો છે. અનંતકાળ તો અનંત સમય છે અને આપણે દરેક તે સમય ક્યાં ગાળીશું તે જાણવાની જરૂર છે. મરણ પછી પણ જીવન છે. જ્યારે તમારું મરણ થશે ત્યારે તમારું અસ્તિત્વ મટી જશે નહિ, પરંતુ તમે બીજા સ્થળે રહેવાની શરૂઆત કરશો. એવું કહેવામાં આવ્યું છે કે મરણ તો ગોળ ફરતા દરવાજામાંથી પસાર થવા જેવું છે. તમે એક સ્થળ છોડીને બીજા સ્થળે જાઓ છો.

શું તમે આ પૃથ્વી પર ઈશ્વરની સાથે સંબંધ બાંધીને અનંતકાળ સુધી તેમની સાથે રહેવા માગો છો? જો હા, તો તમારે ઈસુ ખ્રિસ્તને તમારા તારનાર તરીકે સ્વીકારવાની જરૂર છે. આપણે બધાએ પાપ કર્યું છે અને આપણને દરેકને તારનારની જરૂર છે. દેવે પોતાના એકાકીજનિત દીકરાને આપણા પાપોની કિંમત ચૂકવવા માટે આ જગતમાં મોકલી દીધો, તે ક્રૂસે જડાયો અને આપણા અપરાધોને માટે પોતાનું નિર્દોષ રક્ત વહેવડાવ્યું છે. તે મરણ પામ્યો તથા દટાયો, પરંતુ ત્રીજે દિવસે તે મૂએલાંમાંથી સજીવન થયો અને સ્વર્ગમાં દેવ બાપને જમણે હાથે બિરાજમાન છે. ફક્ત તે જ તમારી શાંતિ, આનંદ અને પ્રભુની આગળ ન્યાયી ઊભા રહેવાની આશા છે.

બાઇબલ આપણને શીખવે છે કે આપણા પાપોથી બચવાને માટે આપણે ઈસુનો પ્રભુ તરીકે અંગીકાર કરવો પડે અને દેવે તેને મૂએલામાંથી સજીવન કર્યો છે એવો વિશ્વાસ કરવો પડે.

> જો તું તારે મોઢે કબૂલ અને સ્વીકાર કરીશ કે ઈસુ પ્રભુ છે અને તારા હૃદયમાં એવો વિશ્વાસ કરીશ (ભરોસો કરીશ, એ સત્ય પર આધારીત રહીશ) કે, દેવે તેને મૂએલાંમાંથી પાછો ઉઠાડયો, તો તું તારણ પામીશ.
> - રોમનોને પત્ર ૧૦:૯

આવો વિશ્વાસ ફક્ત માનસિક વિશ્વાસ નહિ પરંતુ ગંભીર અને હૃદયથી કરેલો વિશ્વાસ હોવો જોઇએ. ઘણા લોકો વિશ્વાસ કરે છે કે ઈશ્વર છે, પરંતુ તેમણે તેમનું જીવન પ્રભુને સોંપ્યું હોતું નથી. ઈશ્વર જીવનના કર્તા છે અને તમને આપેલું જીવન સ્વેચ્છાથી અને આનંદથી તેમને સોંપી દો એવી તેમની ઇચ્છા છે. ઈશ્વરે તમને સ્વતંત્ર ઇચ્છા સાથે બનાવ્યા છે અને તેની પસંદગી કરવા માટે તે તમને દબાણ કરશે નહિ. તમારી એ પસંદગી આ પૃથ્વી પરના તમારા જીવનની ગુણવત્તાને અસર કરશે અને તમારા મરણ પછીનો અનંતકાળ તમે ક્યાં ગાળશો તે મુકામને પણ નક્કી કરશે.

શું તમે તમારા જીવનને ચલાવવાનું સારું કાર્ય કર્યું છે? જો ના, તો શા માટે જેણે તમારું સર્જન કર્યું છે અને તમે તમારા પોતાના વિશે જેટલું જાણો છો તેના કરતાં વિશેષ જાણે છે તેની તરફ ફરવું જોઇએ નહિ? જો હું કોઇ વાહન ખરીદું અને જો તેમાં કંઇ સમસ્યા થાય તો હું તેને દુરસ્ત કરવા માટે તેના બનાવનારની પાસે લઇ જઇશ. ઈશ્વરની પાસે પણ આવો જ સિદ્ધાંત છે. તેણે તમારું સર્જન કર્યું છે અને તે તમને ખૂબ જ પ્રેમ કરે છે. જો તમે તમારા જીવનથી સંતુષ્ટ નથી તો તેને દુરસ્ત કરવા માટે ઈશ્વરની પાસે લઇ જાઓ.

મેં અગાઉ કહ્યું છે તેમ જો તમે કોઇ નિર્ણય ન કરો તો કંઇ બદલાણ થશે નહિ. શું તમે વિશ્વાસી બનવા માગો છો? શું તમે ફક્ત તમારા પાપ જ નહિ પરંતુ તમારું જીવન પણ ઈશ્વરને સોંપવા માગો છો? શું તમે તમારા પાપી માર્ગોથી પાછા ફરીને પ્રભુની સાથે અને પ્રભુ માટે નવું જીવન જીવવા તૈયાર છો? જો હા, તો આ પુસ્તિકા વાંચવાનું ચાલુ રાખો, કેમ કે તમે કલ્પો તેના કરતાં વિશેષ જીવન તમારા માટે ઉપલબ્ધ છે. તે દરેકને માટે ઉપલબ્ધ છે. કોઇ પણ વ્યક્તિ તેમાંથી બાકાત નથી. પ્રભુ તમારા ભવિષ્ય વિશે કહે છેઃ

> કેમ કે જે ઇરાદા હું તમારા વિષે રાખું છું તેઓને હું જાણું છું, એવું યહોવા કહે છે. એ ઇરાદા ભવિષ્યમાં તમને આશા આપવા માટે વિપત્તિ લગતા નહિ પણ શાંતિને લગતા છે. - યર્મિયા ૨૯:૧૧

કોઈ તમારા બદલે પસંદગી કરી શકે નહિ. ફક્ત તમે જ તમારા જીવનની પસંદગી કરી શકો. તમે કેવા પ્રકારની ગુણવત્તાવાળું જીવન પ્રાપ્ત કરવા માગો છો? શું તમે આપણા હાલના સમાજમાં જોવા મળતા ઉદાહરણને અનુસરવા માગો છો? પ્રભુનું વચન કહે છે કે આપણે આ જગતમાં કંઈ લાવ્યા નથી, અને તેમાંથી કંઈ પણ લઈ જઈ શકતા નથી (૧ તિમોથીને પત્ર ૬:૭). પ્રભુ પોતે આલ્ફા અને ઓમેગા છે, આદિ તથા અંત છે. શરૂઆતમાં પણ ઈશ્વર હતા અને અંતમાં પણ રહેશે. દરેકે પોતપોતાનો હિસાબ દેવને આપવા માટે તેમની આગળ ઉભા રહેવું પડશે (રોમનોને પત્ર ૧૪:૧૨). અત્યારે જ તેને માટે તૈયાર થવાનો સમય છે. હું હંમેશા કહું છું કે, “ઈસુ આવી રહ્યા છે, તમે તૈયાર છો કે નહિ?” અત્યારે તૈયાર થાઓ, અત્યારે યોગ્ય નિર્ણય કરો, કેમ કે પછી બહું મોડું થઈ જશે.

## પ્રકરણ ૨

# આપણે બધાંએ પાપ કર્યું છે

પાપ તો ઈશ્વરની ઈચ્છાની વિરુદ્ધ કરવામાં આવતું ઈરાદાપૂર્વકનું અનાજ્ઞાંકિતપણું છે. આપણે બધાએ પાપ કર્યું છે. આ પૃથ્વી પર પાપ ન કરતું હોય એવું કોઈ નથી (રોમનોને પત્ર ૩:૨૩; સભાશિક્ષક ૭:૨૦). એ ખરાબ સમાચાર છે ખરા, પરંતુ એક સારા સમાચાર પણ છે. આપણે બધા આપણા પાપોની માફી પામીને પ્રભુની સામે ન્યાયી બની શકીએ છીએ.

> સઘળાંએ પાપ કર્યું છે તેથી સઘળાં દેવનો એ મહિમા કે જે તે આપણને આપે છે અને આપણી પાસેથી પ્રાપ્ત કરે છે તે મહિમા વિશે અધૂરા રહે છે.
>
> પણ ઈસુ ખ્રિસ્તથી (ઈસુ ખ્રિસ્તમાં જે ઉદ્ધાર આપવામાં આવે છે) જે ઉદ્ધાર છે, તેની મારફતે દેવની કૃપાથી (નમ્ર કૃપા અને દયાથી) તેઓ વિનામૂલ્ય ન્યાયી (સઘળાં ન્યાયી અને યોગ્ય તથા પ્રભુની નજરમાં લાયક) ગણાય છે.
>
> - રોમનોને પત્ર ૩:૨૩,૨૪

ઈસુએ અગાઉથી તમારા પાપોની કિંમત ચૂકવી દીધી છે; તમારે તો ફક્ત તેના પર વિશ્વાસ કરીને માફી પ્રાપ્ત કરવાની છે. જો તમે તમારાં પાપોની

કબૂલાત કરશો, તેને માટે દિલગીર થશો. અને તેનાથી પાછા ફરીને અને તેને છોડી દઈને પ્રભુની તરફ ફરશો તો તે તમને માફ કરીને તમને નવા વ્યક્તિ બનાવશે.

> જો આપણે (મનથી કબૂલ કરીએ કે આપણે પાપ કર્યું છે અને) આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને (આપણા અધર્મીપણાને દૂર કરીને અને સતત) તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને (જે કંઇ તેની ઇચ્છા અને હેતુને લગતું નથી તે સઘળી બાબતોથી) તે વિશ્વાસુ તથા ન્યાયી (તેણે આપેલાં વચનો અને સ્વભાવમાં વિશ્વાસુ) છે.
>
> – ૧ યોહાન ૧:૯

તમારા તારણ માટે પ્રભુ કંઇ કાર્ય કરે તે માટે તમારે રાહ જોવાની નથી. જે કંઇ કરવાની અગત્ય હતી તે સઘળું તેણે કરી દીધું છે. એક સંપૂર્ણ અને પાપરહિત બલિદાન જ આપણા પાપોની કિંમત ચૂકવી શકે, તેથી દેવે પોતાના એકનાએક પુત્રને આપણા બદલે મરવાને માટે આપી દીધો. ન્યાય તૃપ્ત કરવામાં આવ્યો છે અને ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરીને ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણે દેવની સાથે ગાઢ સંબંધ બાંધી શકીએ છીએ. આપણે આપણી જાતે પ્રભુની પાસે જઇ શકતા નથી, આપણને એક વકીલની જરૂર છે. આપણને એક મધ્યસ્થની જરૂર છે અને એ મધ્યસ્થ તો ઈસુ ખ્રિસ્ત છે. આપણી અને દેવ બાપની વચ્ચે આપણા પાપોને લીધે થયેલી ખાલી જગ્યામાં મધ્યસ્થ તરીકે ઈસુ ઊભો છે અને તે આપણને દેવ બાપની પાસે લઇ જાય છે.

જેમ એક બાળકમાં તેના પિતાના ગુણો (તેનું રક્ત, તેનું ડી.એન.એ, રંગસુત્રો વગેરે) હોય છે તેમ દેવ બાપે ઈસુ ખ્રિસ્તમાં જગતનું પોતાની સાથે સમાધાન કર્યું છે. ઈશ્વરે દરેકને બનાવ્યાં છે અને તેમને તે ચાહે છે, અને તેઓ

પાપમાંથી છુટવાના માર્ગ વગર પાપમાં પડી રહે એવી તેમની ઇચ્છા નથી. ઈસુ જ માર્ગ છે!

## પાપ શ્રાપ લાવે છે

દેવનું વચન કહે છે કે આપણું પાપ આપણને પકડી પાડશે (ગણના ૩૨:૩૩). પાપ તો શ્રાપ લાવે છે અને આજ્ઞાંકિતપણું આશીર્વાદ લાવે છે (પુનર્નિયમ ૨૮). પાપ કરનાર વ્યક્તિને થોડા સમય માટે પાપ કરવાનું સારું લાગે છે. તેમને તેમનું જીવન બીજા લોકોના જીવન જેવું સારું લાગે છે, પરંતુ અંતમાં તેમણે કરેલી પસંદગીઓની ખાતરી તેમને થઇ જાય છે.

આપણે આજ્ઞાંકિતપણાનું જીવન જીવવાને બદલે પાપમય જીવન જીવવાની પસંદગી કરીએ છીએ ત્યારે આપણે આપણા આત્મામાં દુઃખનો અનુભવ કરીએ છીએ. મનુષ્ય તો માંસ અને હાડકાંના શરીર કરતાં પણ વિશેષ છે. તે આત્મા છે અને તેનામાં મન, ઇચ્છા અને લાગણીઓ સાથેનો પ્રાણ છે. એ માણસનું વ્યક્તિત્વ છે. પાપીઓ તેમના મનમાં દુઃખી થાય છે. તેઓ માનસિક દુઃખ અને દોષભાવનાનો અનુભવ કરે છે અને તેઓ જે કંઇ કાર્ય કરે કે તેમની પાસે ગમે એટલી સંપત્તિ કેમ ન હોય પરંતુ તેનાથી તેમને સંપૂર્ણ સંતોષ થતો નથી. તેઓ ભાવનાત્મક રીતે દુઃખી થાય છે. તેઓ તેમના જીવનો તેમની ઇચ્છાઓ પ્રમાણે જીવવાની પસંદગી કરે છે તેથી જ્યારે કોઇ બાબત તેમની ઇચ્છા પ્રમાણે બનતી નથી ત્યારે તેઓ નિરાશ અને દુઃખી (માનસિક રીતે હતાશ) થાય છે. તેઓ વિશ્વાસના માર્ગ વિશે કંઇ જાણતા હોતા નથી. જે તેમના કરતાં વધારે મોટું સામર્થ્ય ધરાવે છે તે ઈશ્વર પર ભરોસો કરવો તેમને માટે સમજી ન શકાય એવી બાબત છે. તેઓ ક્યારેય તેમના આત્મામાં વિશ્રામ પામી  શકતા નથી કેમ કે કોઇપણ વ્યક્તિ ઈશ્વર પર વિશ્વાસ કરવા દ્વારા જ પ્રભુના વિશ્રામમાં પ્રવેશ કરી શકે છે (હિબ્રૂઓને પત્ર ૪:૩).

હા, પાપથી ભરેલું જીવન તો શ્રાપથી ભરેલું જીવન છે. તેમાંથી કંઇ સારું પ્રાપ્ત થતું નથી. જે વ્યક્તિ પ્રભુ વગર જીવન જીવવાનો પ્રયત્ન કરે છે તેને એવું જ પરિણામ પ્રાપ્ત થાય છે એમ પ્રભુ કહે છેઃ

> હું માણસો પર એવું સંકટ લાવીશ કે, તેઓ આંધળા માણસોની પેઠે ચાલશે, કેમ કે તેઓએ યહોવાની વિરુદ્ધ પાપ કર્યું છે; અને તેમનું રક્ત ધૂળની પેઠે વહેવડાવવામાં આવશે, તથા તેમનું માંસ વિષ્ટાની પેઠે ફેંકી દેવામાં આવશે.
>
> યહોવાના કોપને દિવસે તેમનું સોનુંરૂપું તેમને ઉગારી શકશે નહિ; પણ તેના ક્રોધના આવેશના અગ્નિથી આખી પૃથ્વી ભસ્મીભૂત થઇ જશે; કેમ કે તે પૃથ્વીના સર્વ રહેવાસીઓનો અંત, હા, ભયંકર અંત આણશે.
>
> - સફાન્યા ૧:૧૭,૧૮

આ વચનો આપણને ડરાવી મૂકે છે, પરંતુ ઈસુ ખ્રિસ્ત પર પૂરા હૃદયથી ગંભીરપણે વિશ્વાસ કરનારને તેનાથી બીક લાગતી નથી. જેઓ ઈસુ પર વિશ્વાસ કરે છે તેઓ અપરાધી કે દોષિત ઠરતા નથી (યોહાન ૩:૧૮).

## દોષ અને દંડાજ્ઞા

દોષભાવના તો પાપીનો સાથી છે. તે વ્યક્તિ તેની અવગણના કરવા માટે વિવિધ કાર્યો કરી શકે છે, પરંતુ તેના હૃદયના ઊંડાણમાં તે વ્યક્તિ જાણે છે કે કંઇ તો ખોટું છે. ઈસુએ કહ્યું કે પાપીઓ દોષથી બચી શકતા નથી (યોહાન ૯:૪૧).

બાઇબલ જૂનો કરાર અને નવો કરાર એમ બે ભાગમાં વિભાજીત છે. જૂના કરારમાં “જૂની બાબતો” છે કે જે ઈસુ આવીને નવા કરારની સ્થાપના

ન કરે ત્યાં સુધી દેવ બાપ લોકોના પાપોને ઢાંકતા હતા તે જૂના કરારનું પ્રતિનિધિત્વ કરે છે.

પાપોને માટે બલિદાનો કરવાની પદ્ધતિને અનુસરવાથી લોકોના પાપો ઢંકાઈ જતા હતા પરંતુ દૂર થતા નહોતા. દોષ હંમેશા રહેતો હતો. પરંતુ નવા કરારમાં આપણા પાપોને ઢાંકવા માટે નહિ પરંતુ તેને સંપૂર્ણપણે દૂર કરનાર સંપૂર્ણ બલિદાન વિશેનું વચન આપવામાં આવ્યું છે. તે આપણા પાપોને જ નહિ પરંતુ આપણામાં રહેલા દોષને પણ ધોઈને આપણને શુદ્ધ કરે છે.

નીચે આપવામાં આવેલા વચનોને ધીમે-ધીમે અને કાળજીપૂર્વક વાંચો અને તે શું કહે છે તેના વિશે વિચાર કરો. એ સઘળાં વચનો હિબ્રૂઓને પત્ર ૧૦મા અધ્યાયમાંથી લેવામાં આવ્યા છે.

> તે ઇચ્છા (દેવની ઇચ્છાથી) વડે ઈસુ ખ્રિસ્તનું (અભિષિક્ત) શરીર એક જ વાર અર્પણ થયાથી આપણને પવિત્ર (શુદ્ધ અને પવિત્ર) કરવામાં આવ્યા છે. - હિબ્રૂઓને પત્ર ૧૦:૧૦ *(શબ્દભાર ઉમેરવામાં આવેલ છે)*

> પણ એ (ખ્રિસ્ત ઈસુ) તો પાપોને માટે એક બલિદાન સદાકાળને સારુ કરીને, દેવની જમણી તરફ બિરાજેલો છે. - હિબ્રૂઓને પત્ર ૧૦:૧૨

> તે દહાડાઓ પછી જે કરાર (વસિયતનામું, સંધિ) હું તેઓની સાથે કરીશ તે આ છે કે, હું મારા નિયમ તેઓના મનમાં મૂકીશ, અને તેઓના હૃદયપટ પર (તેઓના આંતરિક વિચારો અને સમજ પર) તેઓને લખીશ; એમ પ્રભુ કહે છે. ત્યાર પછી તે કહે છે કે, તેઓનાં પાપનું તથા તેઓના અન્યાયનું હું ફરી સ્મરણ કરીશ નહિ.
>
> - હિબ્રૂઓને પત્ર ૧૦:૧૬,૧૭

માટે દુષ્ટ અંતઃકરણથી છૂટવા સારુ આપણાં હૃદયો પર છંટકાવ પામીને તથા નિર્મળ પાણીથી શરીરને ધોઇને, આપણે શુદ્ધ હૃદયથી અને પૂરેપૂરા નિશ્ચયથી વિશ્વાસ રાખીને (દેવ પર પૂરેપૂરો ભરોસો રાખીને અને દેવના સામર્થ્ય, જ્ઞાન, અને ભલાઇ પર આધાર રાખીને) દેવની (આગળ અને સમિપ) સન્નિધ જઇએ. - હિબ્રૂઓને પત્ર ૧૦:૨૨

આ વચનો આપણને ઘણી મહત્વની અને સુંદર બાબતો વિશે માહિતી આપે છે. પ્રથમ તો એ કે દરેક લોકોને માટે ઈસુ ખ્રિસ્ત સદાકાળનું એક સંપૂર્ણ બલિદાન બની ગયો અને હવે બીજા કોઇ બલિદાનની જરૂર નથી. જૂના કરારમાં વારંવાર બલિદાનો કરવામાં આવતા હતા અને છતાં પણ તે દોષને દૂર કરવા માટે સમર્થ નહોતાં. ઈસુ પાપોને તથા દોષને દૂર કરવા માટેનું સદાકાળનું એક સંપૂર્ણ બલિદાન બન્યો છે.

દોષને કાયદેસર રીતે દૂર કરવામાં આવ્યો છે, પરંતુ હજુ પણ દરેક વ્યક્તિએ દોષભાવનાની લાગણીઓથી દૂર થઇને કેવી રીતે જીવવું તે શીખવું જરૂરી છે. વાસ્તવિક રીતે ઈસુ ખ્રિસ્તને માટે નવું જીવન જીવવા માટે દરેકે પોતાની લાગણીઓની બીજી બાજુથી કેવી રીતે જીવન જીવવું જોઇએ તે શીખવું જરૂરી છે. તેઓ તેમની લાગણીઓને તેમના પર શાસન કરવા દઇ શકે નહિ. તેમની લાગણીઓથી વિરુદ્ધ તેમણે દેવનું વચન શીખવું જ જોઇએ અને તેને આધીન થવું જ જોઇએ. આજ્ઞાંકિતપણાની આ જીવનશૈલી સરખાવી ન શકાય એવા આશીર્વાદો લાવે છે.

## પ્રકરણ ૩

# આ સમર્પણનો સમય છે

તમે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે અને ખ્રિસ્તની સાથેના તમારા નવા જીવનની શરૂઆત કરવા માટે તમે આ પુસ્તક પ્રાપ્ત કરવાની વિનંતી કરી છે અથવા તો એવી આશા સાથે તમને આ પુસ્તક આપવામાં આવ્યું કે હવે તમે તે નિર્ણય લેવાને માટે તૈયાર છો.

યોહાન ૩:૧૬ કહે છે, "કેમ કે દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે."

આ વચનના સામર્થ્યને સમજવા માટે હું તમને એક વાત કહેવા માગું છું.

શિકાગો શહેરમાં એક શિયાળાની અંધારી રાત્રે બરફનું તોફાન થયું હતું. એક નાનો છોકરો ખૂણામાં ઊભો રહીને સમાચારપત્રો વેચતો હતો. ઠંડીને લીધે લોકો તેમના ઘરોમાં હતા અને આ નાનો છોકરો સખત ઠંડીને લીધે વધારે ખરેખર સમાચારપત્રો વેચવાનો પ્રયત્ન કરતો નહોતો. તેણે એક પોલિસવાળાની પાસે જઇને પૂછ્યું કે, "સાહેબ, કોઇ ગરીબ છોકરો આજે રાત્રે ગરમાવો પ્રાપ્ત કરી શકે એવું કોઇ સ્થળ તમે શોધી શકો ખરા? હું તો પેલી ગલીમાં પડતા ખૂણામાં સૂઇ જાઉં છું અને આજે રાત્રે સખત ઠંડી છે.

જો આજે મને રોકાણ માટે ગરમાવો મળી શકે એવું કોઇ સ્થાન મળે તો મહેરબાની થશે.”

પોલિસવાળા ભાઈએ તે છોકરાને ધ્યાનથી જોયો અને કહ્યું કે, “સારુ, તારે શું કરવું જોઇએ તે હું તને કહીશ. પેલી શેરીમાં દેખાતા મોટા સફેદ ઘરે જઇને દરવાજો ખટખટાવ. જ્યારે કોઇ દરવાજો ખોલે ત્યારે તેમને કહેજે ‘યોહાન ૩:૧૬’ અને તેઓ તને ઘરમાં રહેવા દેશે.”

તેથી તે છોકરો ત્યાં ગયો અને ઘરની સીડીઓ પર ચડીને દરવાજો ખટખટાવ્યો અને એક સ્ત્રીએ દરવાજો ખોલ્યો. તેણે તેમની તરફ જોઇને કહ્યું કે, “યોહાન ૩:૧૬.”

તે સ્ત્રીએ કહ્યું કે, “અંદર આવ.”

તે સ્ત્રી તેને અંદર લઇ ગઇ, અને જ્યાં અગ્નિ સળગાવ્યો હતો તેની સામે મૂકેલી ડોલતી ખુરશી પર બેસાડયો અને ત્યાંથી ચાલી ગઇ. તે થોડો સમય ત્યાં બેઠો અને મનમાં વિચારવા લાગ્યો કે, *યોહાન ૩:૧૬? - મને તે ખબર નથી પરંતુ ખરેખર તેણે ઠંડીમાં ધ્રૂજતા એક છોકરાને ઉષ્મા પૂરી પાડી.*

થોડા સમય બાદ તે સ્ત્રી ત્યાં આવીને પૂછયું કે, “શું તને ભૂખ લાગી છે?”

તેણે કહ્યું કે, “હા, થોડી ભૂખ લાગી છે. બે દિવસથી મેં કંઇ ખાધું નથી અને મને એમ લાગે છે કે જો થોડું ખાવાનું મળી જાય તો પણ તે મારા માટે પૂરતું હશે.” તે સ્ત્રી તેને રસોડામાં લઇ ગઇ અને સરસ ભોજનથી ભરેલા ટેબલ પાસે મૂકેલી ખુરશી પર બેસાડયો, અને તેણે પેટ ભરીને ખાધું. ત્યારે તેણે ફરીથી મનમાં વિચાર કર્યો કે, *યોહાન ૩:૧૬ - હું તે સમજતો નથી, પણ તેણે ખરેખર એક ભૂખ્યા છોકરાને ભોજન આપીને તૃપ્ત કર્યો.*

તે સ્ત્રી તેને એક મોટા સ્નાનગૃહમાં લઇ ગઇ અને તેમાં ગરમ પાણીથી

ભરેલું બાથટબ હતું. તે ત્યાં બેઠો અને થોડો સમય તે બાથટબમાં પડી રહ્યો અને ત્યારબાદ વિચાર કર્યો કે *યોહાન ૩:૧૬ - મને તેના વિશે સમજ પડતી નથી, પણ ખરેખર તેણે એક ગંદા છોકરાને ચોખ્ખો કર્યો.* તે સ્ત્રી ત્યાંથી તેને બીજા ઓરડામાં લઇ ગઇ, એક મોટા પલંગ પર સુવાડયો અને તેના ગળા સુધી ધાબળો ઓઢાડયો અને તેને ચૂંબન કરીને શુભરાત્રી કહીને ત્યાંથી ચાલી ગઇ. તે લાઇટ બંધ કરીને ત્યાંથી ગઇ અને અંધારામાં તે છોકરો પલંગ પર પડયા પડયા બારીમાંથી બહાર થતી બરફવર્ષા જોવા લાગ્યો. તેણે ફરીથી તેના મનમાં વિચાર કર્યો કે, *યોહાન ૩:૧૬ - મને તેની કંઇ સમજ પડતી નથી, પણ ખરેખર તેણે એક થાકેલા છોકરાને વિશ્રામ આપ્યો.*

બીજા દિવસે સવારે તે સ્ત્રી ફરીથી તેને એ મોટા ટેબલ પાસે લઇ ગઇ, ત્યાં તેણે ખાધું અને ફરીથી તે સ્ત્રીએ તેને અગ્નિ સળગાવ્યો હતો ત્યાં ડોલતી ખુરશીમાં બેસાડયો. તેણીએ બાઇબલ લીધું અને ત્યાં બેસીને કહ્યું કે, "શું તને યોહાન ૩:૧૬ ખબર છે?" તે છોકરાએ ઉત્તર આપ્યો કે, "ના, મેડમ, મને ખબર નથી. મેં તો ગઇ કાલે રાત્રે પોલિસવાળા સાહેબ પાસેથી પ્રથમવાર તેના વિશે સાંભળ્યું અને તેનો ઉપયોગ કર્યો." તે સ્ત્રીએ તેનું બાઇબલ ખોલીને યોહાન ૩:૧૬ વાંચ્યું અને ઈસુ વિશે સમજાવવા લાગી. તે જ સ્થળે એ છોકરાએ તેનું જીવન અને હૃદય ઈસુને સોંપી દીધું. તે ત્યાં બેઠો અને વિચાર્યું કે, *યોહાન ૩:૧૬ - હું તે સમજતો નથી, પણ તેણે ખરેખર એક ખોવાયેલા છોકરાને સલામતિનો અનુભવ કરાવ્યો છે.* — (અજ્ઞાત લેખક)

હવે, જો તમે તમારા પાપોની એકમાત્ર સ્વીકૃત કિંમત તરીકે દેવના પુત્ર ઈસુ ખ્રિસ્તનો તમારા જીવનમાં સ્વીકાર કરીને પ્રભુને તમારું જીવન સમર્પિત કરવા માગો છો તો હું તમને આ પ્રાર્થના કરવા માટે ઉત્તેજન આપું છું. મોટેથી આ શબ્દો બોલો અને વ્યક્તિગત રીતે તેના અર્થને સમજી શકો તે માટે તેને ધ્યાનથી સાંભળો.

*ઈશ્વરપિતા, હું તમને પ્રેમ કરું છું. આજે વિશ્વાસથી હું તમારી પાસે આવું છું અને મારા પાપોની માફી માગું છું. ઈસુ, હું તમારા પર વિશ્વાસ કરું છું કે તમે વધસ્તંભ પર મારા માટે મરણ પામ્યા, તમારું નિર્દોષ રક્ત વહેવડાવ્યું અને મારું સ્થાન લઈને મારે જે શિક્ષા ભોગવવાની હતી તે તમે ભોગવી છે. હું વિશ્વાસ કરું છું કે તમે મરણ પામ્યા, દટાયા અને ત્રીજે દિવસે મૂએલાંમાંથી સજીવન થયા. મરણ તમને પકડી રાખી શક્યું નહિ. તમે શેતાન પર વિજય પ્રાપ્ત કર્યો અને તેની પાસેથી મરણ તથા નરકની કૂંચીઓ છીનવી લીધી છે. હું વિશ્વાસ કરું છું કે તમે મારા પર પ્રેમ કરો છો તેથી આ સઘળું કાર્ય તમે મારા માટે કર્યું છે. હું વિશ્વાસી વ્યક્તિ બનવા માગું છું. હું મારા જીવનના દરેક દિવસોમાં તમારી સેવા કરવા માગું છું. તમે મને નવું જીવન આપવાનું વચન આપ્યું છે તે જીવન કેવી રીતે જીવવું જોઈએ તે હું શીખવા માગું છું. ઈસુ, હું અત્યારે જ તમારો અંગીકાર અને સ્વીકાર કરું છું, અને મારું જીવન તમને સોંપું છું. તમે મારો સ્વીકાર કરો અને જેવો બનાવવા માગો છો તેવો બનાવો.*

*ઈસુ, મને તારણ આપવા માટે તમારો આભાર. મને તમારા પવિત્ર આત્માથી ભરો અને મારે જે જાણવું જોઈએ તે સઘળું મને શીખવો. હવે હું વિશ્વાસ કરું છું કે મારું તારણ થયું છે, મારો નવો જન્મ થયો છે અને મારું મરણ થાય ત્યારે હું ઈશ્વરપિતાની સાથે અનંતકાળ સુધી રહેવા માટે સ્વર્ગમાં જઈશ, હું પૃથ્વી પરના મારા જીવનનો આનંદ માણીશ અને તમારા મહિમાને માટે જીવીશ!*

જો તમે ગંભીરપણે આ પ્રાર્થના કરી છે તો તમે તમારા જીવનનો સૌથી મહત્વનો નિર્ણય લીધો છે. હવે તમારી લાગણીઓના અનુભવ કરતાં એ વાત પર વિશ્વાસ રાખો કે દેવે તમારી પ્રાર્થના સાંભળીને તેનો ઉત્તર આપ્યો છે. તમને કદાચ શાંતિ, આનંદ, રાહત કે, સ્વતંત્રતાનો અનુભવ થશે અથવા તમને હાલમાં એવો કોઈ જ

અનુભવ ન પણ થાય. પરંતુ તમારી એ લાગણીઓને તમારા જીવન પર રાજ કરવા દેશો નહિ. પ્રભુના વચન પર વિશ્વાસ રાખો, કેમ કે તે પોતાના વચનો પાળવામાં વિશ્વાસુ છે. તેણે કહ્યું છે કે, બાપ મને જે આપે છે તે સઘળું મારી પાસે આવશે; અને જે મારે પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ. કેમ કે હું મારી પોતાની ઇચ્છા નહિ, પણ જેણે મને મોકલ્યો છે તેની ઇચ્છા પૂરી કરવાને આકાશથી ઊતર્યો છું. - યોહાન ૬:૩૭

ઈશ્વરે તમને જગતના અંત સુધી સર્વકાળ તમારી સાથે રહેવાનું વચન આપ્યું છે. તમને કદાચ હંમેશા તેનો અનુભવ થશે નહિ, પરંતુ તે હરેક સમયે સર્વત્ર હાજર છે. તે હંમેશા પોતાની નજર તમારા પર રાખે છે અને તે તમારી સંભાળ રાખશે. તે તમારા વિશેની સઘળી બાબતોની કાળજી રાખે છે અને તેણે તે સઘળું પૂરું પાડવાનું વચન આપ્યું છે. તેણે તમારામાં સારા કામનો આરંભ કર્યો છે અને તે તેને પૂર્ણ કરશે (ઉત્પત્તિ ૨૮:૩૫; ગીતશાસ્ત્ર ૧૩૮:૮; ફિલિપ્પીઓને પત્ર ૧:૬).

અભિનંદન, હવે તમારી પાસે એક નવા શ્રેષ્ઠ મિત્ર તરીકે ઈસુ ખ્રિસ્ત છે. તે હંમેશને માટે તમારા શ્રેષ્ઠ મિત્ર બની રહેશે. તે હંમેશા તમને સમજે છે તેથી તમે હરેક સમયે કોઈપણ બાબત વિશે તેમની સાથે વાત કરી શકો છો (હિબ્રૂઓને પત્ર ૪:૧૫). તે ક્યારેય તમારો નકાર કરશે નહિ કે તમને દોષિત ઠરાવશે નહિ. ઈશ્વરને માટે કોઈપણ બાબત મોટી કે નાની નથી. તમે તમારા માર્ગોમાં તેની આણ સ્વીકારો અને તમારા જીવનના દરેક ક્ષેત્રોમાં તેમને આવકારો એવી પ્રભુની ઇચ્છા છે.

તમે નવું સર્જન બન્યા છો. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે, તે સઘળું નવું થયું છે (૨ કરિંથીઓને પત્ર ૫:૧૭). હવે નવી શરૂઆત કરો.

તમે ભૂલો કરશો - આપણે બધા ભૂલો કરીએ છીએ. તમારે ઘણું શીખવાનું છે અને એ વાત યાદ રાખો કે જીવનભર ચાલે એવા પ્રવાસની તમે શરૂઆત કરી છે. હંમેશા યાદ રાખો કે જ્યારે તમે ભૂલો કરો ત્યારે જો તમે વિનંતી કરો તો પ્રભુ તમને માફ કરશે અને શુદ્ધ કરશે. ગમે તે પાપને માટે પસ્તાવો કરવા તૈયાર રહો અને ક્યારેય પ્રભુથી કંઈપણ છુપાવવાનો પ્રયત્ન કરશો નહિ, કેમ કે તે સઘળું જાણે છે.

પ્રભુ તમને ખૂબ જ પ્રેમ કરે છે. તે હંમેશા તમને પ્રેમ કરે છે. તમે જ્યારે સારું વર્તન કરો ત્યારે જ પ્રભુ તમને વધારે પ્રેમ કરે અને ખરાબ વર્તન કરો ત્યારે તમને ઓછો પ્રેમ કરે એવુ કરશે નહિ. તે દરેક સમયે તમને પ્રેમ કરે છે!

હવે જીવન જીવવાના નવા માર્ગ વિશે શીખવવાનો સમય છે.

## પ્રકરણ ૪

# જીવન જીવવાનો નવો માર્ગ

તમે તમારા નવા જીવનમાં પ્રવેશ કરો, કે જે પ્રભુ માટે, પ્રભુ દ્વારા અને પ્રભુની સાથે જીવવાનું છે, ત્યારે તમને પ્રભુના ઘણા સિદ્ધાંતો જગતના માર્ગો કરતાં તદ્દન ઊંધા લાગશે. વાસ્તવમાં તો જગત પ્રભુના રાજ્યની સરખામણીમાં ઊંધું છે. આપણે પ્રભુની ઈચ્છા પ્રમાણેના કાર્યો કરવા માટે ટેવાયેલાં નથી તેથી શરૂઆતમાં તે પ્રમાણે કરવું કે સમજવું આપણને કઠિન લાગશે.

## બાપ્તિસ્મા

ઈસુ ખ્રિસ્તમાં નવા વિશ્વાસી તરીકે સૌથી પ્રથમ કાર્ય તમારે કરવાનું છે એ તો એ છે કે તમારે પાણીમાં બાપ્તિસ્મા લેવાનું છે. બાપ્તિસ્મા તો ઈસુ ખ્રિસ્તની પાછળ ચાલવાનો તમે આંતરિક નિર્ણય કર્યો છે તેનું બાહ્ય ચિહ્‌ન છે. જ્યારે કોઇ વ્યક્તિ બાપ્તિસ્મા લે છે ત્યારે તે પાણીની અંદર જાય છે, તે તેના જૂના જીવનને દાટી દેવાનું ચિહ્‌ન છે. જ્યારે તે પાણીમાંથી બહાર આવે છે ત્યારે તે નવા જીવનમાં પુનરુત્થાન પામવાનું ચિહ્‌ન છે. આપણે પ્રભુને આજ્ઞાંકિત બનીને આ કાર્ય કરીએ છીએ.

> એ દૃષ્ટાંત પ્રમાણે બાપ્તિસ્માનું પાણી (કે જે તેમના છુટકારાનું ચિહ્‌ન છે), જે શરીરનો મેલ દૂર કરવાથી (સ્નાન કરવાથી) નહિ, પણ

ઈશ્વર પ્રત્યે (પ્રભુએ તમારા માટે જે સંપાદિત કર્યું છે તેના પર વિશ્વાસ કરો છો) શુદ્ધ હૃદયની (આંતરિક શુદ્ધતા અને શાંતિ) માગણીથી ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાન વડે હમણાં તમને પણ તારે (આંતરિક પ્રશ્નો અને બીકથી) છે. - ૧ પિતર ૩:૨૧

ત્યારે પિતરે તેઓને કહ્યું કે, પસ્તાવો કરો (તમારા મનમાં પ્રભુની ઈચ્છાનો નકાર કરવાને બદલે તેનો સ્વીકાર કરવાના હેતુ તથા વિચારસરણીને બદલો), અને ઈસુ ખ્રિસ્તને નામે તમારામાંનો દરેક બાપ્તિસ્મા પામો કે, તમારાં પાપનું નિવારણ થાય; અને તમને પવિત્ર આત્માનું દાન મળશે. - પ્રેરિતોના કૃત્યો ૨:૩૮

## દેવળમાં જવું

બીજી એક વાતની હું વધારે ભલામણ કરું છું એ તો સ્થાનિક મંડળીમાં સહભાગી થવાની વાત છે. જેમ મારા ગેરેજમાં બેસી રહેવાથી હું કાર બની જતી નથી તેમ દેવળમાં જવાથી કોઈ વ્યક્તિ ખ્રિસ્તી બની જતો નથી. દેવળમાં જવાના સદ્‌ગુણને લીધે આપણે ખ્રિસ્તી બનતા નથી, પરંતુ જો આપણે ખ્રિસ્તીઓ છીએ તો આપણે પ્રભુની સ્તુતિ આરાધના કરવા જોઈએ અને બીજા વિશ્વાસીઓની સાથે સંગતમાં રહેવા જોઈએ. મંડળી એવું સ્થાન છે કે જ્યાં આપણે પ્રભુનું વચન શીખીએ છીએ.

બધા જ દેવળો સારા હોતા નથી. કેટલાક દેવળોમાં ધાર્મિક બોધ કરવામાં આવે છે અને બાહ્ય રીતે તે સારાં દેખાય છે, પરંતુ વાસ્તમાં કોઈને મદદ મળી શકે એવું કંઈ તે દેવળોમાં થતું હોતું નથી. જે મંડળીમાં પ્રભુના વચનનું શિક્ષણ કે પ્રભુમાં દરરોજ વૃદ્ધિ પામવા પડકાર આપવામાં આવતો નથી એવી મંડળીમાં તમે સહભાગી થતા નથી તો એવી મંડળી ન મળે ત્યાં સુધી તેની શોધખોળ

કરો. દેવળો તો ડૉક્ટરો જેવાં છે, બધાં જ ડૉક્ટરો સારા હોતા નથી અને બધાં જ ખરાબ પણ હોતા નથી. તમારા માટે કઇ મંડળી યોગ્ય છે તે તમારે શોધવાનું છે. કેટલાંક લોકો મોટું દેવળ શોધે છે અને કેટલાંક નાનું દેવળ શોધે છે. કેટલાંક લોકો એક સંપ્રદાય કરતાં બીજા સંપ્રદાયના દેવળને વધારે મહત્વ આપે છે અને કેટલાંક લોકો સંપ્રદાયોને એટલું મહત્વ આપતા નથી. તેનો સરળ અર્થ એ છે કે તેઓ મોટી સંસ્થાના સભ્ય હોતા નથી. મુખ્ય વાત એ છે કે જો તમે મંડળી પ્રત્યે સમર્પિત છો તો તમને આત્મિક મદદ પ્રાપ્ત થશે. તેનાથી તમને તમારા જેવો વિશ્વાસ કરનારા મિત્રો પ્રાપ્ત થશે અને જગતના પરીક્ષણો પર વિજય પ્રાપ્ત કરવા માટે તેનાથી તમને નૈતિક સહાય પ્રાપ્ત થશે.

જે મંડળીમાં તમે વિશ્વાસી વ્યક્તિ તરીકે આત્મિક વૃદ્ધિ પ્રાપ્ત કરી શકો એવી મંડળીમાં જવાની કાળજી રાખો. નવા વિશ્વાસી માટે ઘણી બાબતો શીખવી ખૂબ જ અગત્યનું છે. જો તે શીખશે નહિ અને પ્રગતિ કરશે નહિ તો તે પાછો હટી જવાના કે જૂના જીવનમાં પાછો જવાના જોખમમાં રહે છે.

નવા વિશ્વાસીઓને માટે બાઇબલ અભ્યાસના નાના જૂથો ખૂબ જ લાભદાયી છે. નાના જૂથોમાં સામાન્ય રીતે તમને શીખવાની, પ્રશ્નો પૂછવાની, પ્રાર્થનાની સહાય પ્રાપ્ત કરવાની અને બીજાઓને માટે પ્રાર્થનામાં સહભાગી થવાની તકો પ્રાપ્ત થશે. હું આશા રાખું છું કે તમારી મંડળી એવાં બાઇબલ અભ્યાસ પૂરા પાડી શકે એવી છે. મંડળી તો જ્યાં આપણી સેવા કરવામાં આવે એવું સ્થાન જ નહિ પરંતુ ખ્રિસ્તના શરીરમાં (મંડળીમાં) આપણને જે તાલંતો આપવામાં આવ્યા છે તે મુજબ સેવા કરવાને માટેની તકોનું પણ સ્થાન છે.

બીજા લોકો દ્વારા સેવા પ્રાપ્ત કરવાની સાથે સાથે તમારે બીજાઓની સેવા પણ કરવી જોઇએ.

## સમર્પણ

સમર્પિત હોવું ખૂબ જ અગત્યનું છે. આપણે એકવાર કંઇ ખોટું કર્યું અને તેનાથી આપણું જીવન અસ્તવ્યસ્ત થઇ ગયું એમ નહિ પરંતુ સતત ખોટું કાર્ય કરતા રહેવાથી આપણું જીવન અસ્તવ્યસ્ત થઇ જાય છે. એક કે બે વાર સારું કાર્ય કરવાથી પ્રભુએ આપણા માટે રાખી મૂકેલું નવું જીવન જીવવા આપણને સહાય પ્રાપ્ત થતી નથી. પરંતુ આપણે જે કંઇ સારું કરવાનું જાણીએ છીએ તે કરવાનું આપણને ન ગમે તો પણ આપણે તેમ કરવું જોઇએ. આપણે સાતત્ય જાળવવું જોઇએ. દેવે આપણને સંયમ અને શિસ્તનો (સાવધ બુદ્ધિનો) આત્મા આપ્યો છે (૨ તિમોથીને પત્ર ૧:૭) અને તમારે તેની સાથેની સાતત્યતા જાળવવી જોઇએ.

પ્રભુની સાથે સમય ગાળવામાં સમર્પિત રહો. પ્રભુના વચનોનો અભ્યાસ કરો અને બાઇબલને વધારે સારી રીતે સમજી શકો તે માટે બાઇબલને લગતાં પુસ્તકોનો અભ્યાસ કરો. શિક્ષણ આપતી સી.ડી. સાંભળો અથવા તો સારા ખ્રિસ્તી ટી.વી. કાર્યક્રમો જુઓ. પ્રાર્થનામાં સમય ગાળો. દિવસભર પ્રાર્થનામાં રહેવાનું શીખો. યાદ રાખો કે, તમારા સંબંધીનું જે કંઇ છે તેમાં પ્રભુને રસ છે અને પ્રાર્થના તો પ્રભુ સાથેની વાતચીત છે. જ્યારે તમે ખ્રિસ્તી વિશ્વાસમાં વૃદ્ધિ પામતાં જશો ત્યારે પ્રભુની સાથે કેવી રીતે વાત કરવી તે વિશે તમે શીખશો એટલું જ નહિ પરંતુ પ્રભુની વાત કેવી રીતે સાંભળવી એ પણ શીખશો. તે પ્રભુની સાથેના તમારા સંબંધને વધારે ગાઢ બનાવશે.

સમર્પણનું બીજું મહત્વનું ક્ષેત્ર તો દાન આપવાનું છે. પ્રભુએ આપણને ઘણા આશીર્વાદો આપ્યાં છે અને હવે આ પૃથ્વી પર પ્રભુના કાર્યને માટે આપણે કંઇ આપવાનું છે. તમને મદદ પ્રાપ્ત થઇ તેથી હવે સ્વાભાવિક રીતે તમારે બીજાઓને મદદરૂપ થવાનું છે, અને તમારી મંડળીમાં કે તમને તમારા વિશ્વાસમાં મદદરૂપ થનારી બીજી સેવાઓમાં દાન આપવા દ્વારા તમે એમ

કરી શકો છો. આપણે પ્રભુને માટે જે કંઇ આપીશું તેને પ્રભુ ગુણાત્મક રીતે વધારીને આપણને પાછું આપશે. તેનું વચન કહે છે કે આપણે જે વાવીએ છીએ તે પામીએ છીએ.

ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યા પહેલાં અને ખ્રિસ્તમાં નવું સર્જન બન્યા પહેલાં દાન આપવામાં આપણે ગંભીરપણે રસ ધરાવતા નહોતા. આપણે સ્વાર્થી હતા અને બીજા લોકો આપણને કંઇ આપે એવી ઈચ્છા રાખતા હતા, પરંતુ ઈસુ પરના પ્રેમમાં આપણે વૃદ્ધિ પામીએ છીએ ત્યારે આપણા હૃદયો બદલાય છે.

## પવિત્ર આત્માનું બાપ્તિસ્મા પ્રાપ્ત કરવું

બાપ્તિસ્મા પામવાનો અર્થ છે સંપૂર્ણપણે ડૂબવું. જે કોઇ વસ્તુમાં ખાલી જગ્યા હોય અને તે ડૂબી જાય તો તે ખાલી જગ્યા ભરાઇ જાય છે. જો તમે ખાલી છો તો તમે પણ પવિત્ર આત્માથી સંપૂર્ણપણે ભરપૂર થઇ શકો છો. જ્યારે તમે તમારા અંગત તારનાર તરીકે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા હતા ખરા, પરંતુ તે સમયે તમે તમારા હૃદયના દરેક ભાગોને ખોલીને સંપૂર્ણપણે તેનાથી ભરપૂર થાઓ તે માટે તૈયાર નહોતા.

તમારી પાસે પવિત્ર આત્મા છે, પરંતુ તમે તેનાથી ભરપૂર છો કે નહિ તે વિશે તમારે ખાતરી પામવાની જરૂર છે. પ્રભુ પોતાની સેવાને માટે તમારો ઉપયોગ કરવા માગે છે અને સફળ તથા ફળદાયી થવા માટે તમારે પવિત્ર આત્માના સામર્થ્યથી ભરપૂર થવાની જરૂર છે.

પ્રભુ આપણને આપણું દૈનિક જીવન જીવવા માટે અલૌકિક કૃપાદાનો (અલૌકિક બળનું ભરપૂરીપણું) આપે છે.

આ કૃપાદાનો તો અલગ-અલગ પ્રકારનાં છે અને બધાં તે પ્રાપ્ત કરે છે,

પરંતુ કેટલાંક લોકો બીજાઓ કરતાં વધારે પ્રભાવશાળી હોય છે. મને શિક્ષણ આપવાનું કૃપાદાન છે, બીજા કોઈને સંગીતનું કે વ્યવસ્થા કરવાનું, દયા દર્શાવવાનું કે મદદ કરવાનું કૃપાદાન હોઈ શકે છે. ૧ કરિંથીઓને પત્ર ૧૨:૭-૧૦ માં નવ કૃપાદાનો વિશે લખવામાં આવ્યું છે અને આપણે બધા તેના વિશે જાણીએ છીએ. આપણને આ કૃપાદાનોની અભિલાષા રાખવાનું (તે પ્રાપ્ત કરવાની ગંભીર ઈચ્છા) જણાવવામાં આવ્યું છે. એ તો જ્ઞાનની વાત, વિદ્યાની વાત, વિશ્વાસ, સાજાપણાં કરવાના કૃપાદાન, ચમત્કાર, પ્રબોધ (ઈશ્વરની દિવ્ય ઈચ્છા અને હેતુનો અર્થ સમજાવવો), ભૂંડા અને સારા આત્માઓની પરખ કરવાનું, અન્ય ભાષાઓમાં બોલવાનું અને તેનું ભાષાંતર કરવું એમ ૯ કૃપાદાનો છે.

હું તમને ઉત્તેજન આપું છું કે તમે આ કૃપાદાનોને સમજી ન શકો તો પણ પ્રભુ તમને તે આપે અને તેના યોગ્ય ઉપયોગ વિશે શીખવે તે માટે પ્રભુને વિનંતી કરો. આપણે પ્રભુના ઘણા વચનોમાં લોકોને અન્ય ભાષાઓમાં (આત્મિક ભાષાઓમાં) બોલતા જોઈએ છીએ. આપણે જ્યારે અન્ય ભાષાઓમાં બોલીએ છીએ ત્યારે આપણે દેવની સાથે મર્મોમાં બોલીએ છીએ અને આપણે આપણી જાતની ઉન્નતિ કરીએ છીએ. પાઉલ પ્રેરિતે લખ્યું છે કે બધા લોકો અન્ય ભાષાઓમાં બોલે એવી તેની ઈચ્છા છે (૧ કરિંથીઓને પત્ર ૧૪:૨; ૪-૫).

ખાસ કરીને અન્ય ભાષાઓનું કૃપાદાન તો ઘણા વર્ષોથી ખ્રિસ્તીઓમાં ભાગલા પડવાનું કારણ બન્યું છે. કેટલાક એવું માને છે કે કૃપાદાનો તો આજે પણ ઉપલબ્ધ છે જ્યારે કેટલાંક એમ માને છે કે એમ નથી. મેં મારા જીવનમાં વ્યક્તિગત રીતે તેનો અનુભવ કર્યો છે અને ત્રીસ વર્ષથી હું અન્ય ભાષામાં બોલું છું, તેથી હું જાણું છું કે હાલમાં પણ ખ્રિસ્તી વિશ્વાસીઓને માટે તે ઉપલબ્ધ છે. આપણને મદદરૂપ થઈ શકે એવી દરેક બાબતની આપણને જરૂર છે.

ઘણીવાર લોકોએ જેનો અનુભવ કર્યો હોતો નથી અથવા તો જેને તેઓ સમજતા નથી તેનો નકાર કરે છે. આ એક ભૂલ છે. આપણે બાઈબલ વાંચવું જોઇએ અને તે જે કહે છે તેના પર વિશ્વાસ કરવો જોઇએ.

હું તમને ચેતવણી આપું છું કે પવિત્ર આત્માના કૃપાદાનોને બદલે પવિત્ર આત્મા પર નિર્ભર રહો. કૃપાદાનો આપમેળે પ્રાપ્ત થશે. કેટલાક લોકો બીજાં કૃપાદાનો કરતાં અન્ય ભાષા પર વધારે ભાર આપે છે. આપણે બૂટની દુકાનમાં જઈને બૂટની જીભની જોડી માગતા નથી. આપણે બૂટ માગીએ છીએ અને જીભ તેની સાથે આવે છે. પવિત્ર આત્મા સાથે પણ એવું જ છે. દરરોજ તમારા જીવનમાં પવિત્ર આત્માની હાજરી માગો અને અન્ય ભાષાઓ તથા બીજા કૃપાદાનો યોગ્ય સમયે પ્રાપ્ત થશે.

## પ્રભુના કૃપાદાનો કરતાં પ્રભુની હાજરી શોધો

પ્રભુ તમારું ભલું કરવા માગે છે. તે તમને ઘણા આશીર્વાદો આપવા માગે છે, પરંતુ તે તમારા માટે શું કરી શકે છે તેની શોધખોળ કરવા કરતાં પ્રભુને શોધો તે વધારે મહત્વનું છે. પ્રભુ તો કોઇની સાથે સરખામણી કરી ન શકાય એટલા અદ્ભુત છે અની તેમની હાજરી અદ્ભુત છે. તમે તેનું મુખ શોધશો ત્યારે તેનો હાથ તમારા પર છે એવો તમને અનુભવ થશે. જો તમે ફક્ત તેના હાથને જ શોધો છો તો તમે તેનું અપમાન કરો છો. કોઈ પોતાના અંગત લાભ માટે જ કોઇને શોધે એવું કોઈપણ વ્યક્તિને કે ઈશ્વરને પણ પસંદ નથી.

તમારે જેની જરૂર છે તેને માટે પ્રભુની પાસે માગો અને જો તે તમારા માટે શ્રેષ્ઠ અને પ્રભુના સમય મુજબ હશે તો તે તમને આપશે. પરંતુ હંમેશા યાદ રાખો કે બીજી કોઈપણ બાબત કરતાં તમારે તમારા જીવનમાં સૌથી વધારે પ્રભુની જરૂર છે.

તમારે પ્રભુની વધારે હાજરી, પ્રભુના માર્ગો, પ્રભુનું ચરિત્ર, પ્રભુનું જ્ઞાન, પ્રભુની સમજણ અને પ્રભુના સામર્થ્યની જરૂર છે.

પ્રભુ આપણું સર્વસ્વ છે અને તેના વગર આપણે કંઇ જ નથી. ઈસુએ કહ્યું કે, “મારાથી નિરાળા રહીને તમે કંઇ કરી શકતા નથી” (યોહાન ૧૫:૫).

> કેમ કે તેનામાંથી, તથા તેના વડે, તથા તેને અર્થે, સર્વસ્વ છે. (કેમ કે તેનામાંથી સર્વની ઉત્પત્તિ છે અને તેનામાંથી આવે છે; સઘળું તેને માટે છે અને તેનામાં જ સઘળાનો અંત આવશે. તેને સર્વકાળ મહિમા હો. આમીન. - રોમનોને પત્ર ૧૧:૩૬

## ઘણું શીખવાનું બાકી છે

આ નાની પુસ્તિકામાં હું જે જણાવી રહી છું તેમાં હજુ ઘણું તમારે શીખવાનું બાકી છે. તમારો વિશ્વાસ જેના પર આધારીત છે તે સિદ્ધાંતને અને ખ્રિસ્તીત્વના પાયાના શિક્ષણના સિદ્ધાંતોને શીખવાની તમારે જરૂર છે. ઘણી મંડળીઓમાં નવા વિશ્વાસીઓ માટેના વર્ગો ચલાવવામાં આવે છે અને તેમાં તમે ભાગ લો એવી હું ભલામણ કરું છું. તમે શીખશો કે કુંવારી દ્વારા ઈસુનો જન્મ થયો હતો. હું જાણું છું કે તે અશક્ય લાગે એવી વાત છે, પરંતુ તે એક વાસ્તવિકતા છે અને શા માટે એમ થયું તે તમે સમજો એ પણ જરૂરનું છે. આપણે શીખીશું કે જેઓ ઈસુ વિશે જાણતા નથી તેમને સુવાર્તા પ્રગટ કરી શકાય તે માટે પ્રભુની સેવામાં નાણાંકીય રીતે દાન આપવું તે મહત્વનું છે. તમે ત્રિએકતા વિશે, એક ઈશ્વર કે જે પોતાની જાતને ત્રણ વ્યક્તિમાં (પિતા, પુત્ર અને પવિત્ર આત્મા) પ્રગટ કરે છે.

તેની સેવા કરવાના સત્ય વિશે શીખશો. તમે દૂતોની સેવા વિશે, ઈસુના રક્તના મહત્વ વિશે, પ્રભુનો અવાજ સાંભળવા વિશે, ન્યાયીપણું, પસ્તાવો એમ બીજી ઘણી બાબતોના સિદ્ધાંતો વિશે શીખશો.

એ સઘળી બાબતો હું આ પુસ્તકમાં જણાવી શકું એમ નથી, પરંતુ તમારા નવા જીવનમાં પ્રાથમિક મહત્વ ધરાવતી બાબતો વિશે હું તમને જણાવવા માગું છું, તો આવો, આપણે તેની શરૂઆત કરીએ.

## પ્રકરણ ૫

# વિચાર કરવાનો નવો માર્ગ

સંપૂર્ણ રીતે નવા માર્ગનો વિચાર કરવો તે ખૂબ જ મહત્વનું છે. તમારા માટે અને તમારા જીવન માટે પ્રભુની પાસે એક સારી યોજના છે, પરંતુ તેને માટે તમારે પ્રભુની સાથે સંમત થવું પડે. શેતાન પાસે પણ તમારા માટે અને તમારા જીવન માટેની યોજનાઓ છે અને તે યોજનાઓ સારી નથી. ચોર (શેતાન) ફક્ત ચોરી કરવા, મારી નાખવા અને નાશ કરવા માટે જ આવે છે (યોહાન ૧૦:૧૦). શેતાન એવી આશા સાથે આપણા મનમાં દરેક પ્રકારના ખોટા વિચારો મૂકે છે કે આપણે તેના પર વિશ્વાસ કરીશું અને તેની સાથે સંમત થઈશું. તે આ રીતે લોકોને છેતરે છે અને તેમના જીવનમાં પ્રવેશ મેળવે છે.

> આ જગતનું રૂપ તમે ન ધરો (તેની પાછળ ન ચાલો અને તેની ઉપરછલ્લી વિધિઓ પ્રમાણે ન ચાલો); પણ તમારાં મનથી નવીનતાને યોગે (નવી વિચારસરણી અને અભિગમ સાથે) તમે પૂર્ણ રીતે રૂપાંતર (બદલાણ) પામો, જેથી દેવની (તમારા માટેની) સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા (દેવની નજરમાં) શી છે, તે તમે પારખી શકો.
>
> - રોમનોને પત્ર ૧૨:૨

ઉપર જણાવેલ વચન આપણને સ્પષ્ટપણે કહે છે કે આપણી વિચારસરણી ન બદલાય ત્યાં સુધી આપણું જીવન બદલાઇ શકતું નથી. જો તમારે નવું જીવન જોઇએ છે તો તમારે નવી વિચારસરણી પ્રાપ્ત કરવી પડે. આપણા દરેકને માટે પ્રભુની પાસે સારી યોજના છે, પરંતુ યોગ્ય રીતે વિચાર કરવાના મહત્વને સમજીશું ત્યારે જ આપણે તે યોજનાને પૂરી થતી જોઇશું.

## તમે તમારા વિચારોને નિયંત્રણમાં રાખી શકો છો

હું પહેલાં જેવી હતી એવા જ કદાચ તમે પણ હશો અને એવો વિચાર કરતા હશો કે તમે કયો વિચાર કરો તેના વિશે તમે કંઇ કરી શકતા નથી. તે સાચું નથી. તમે કયો વિચાર કરવો કે ન કરવો તેની પસંદગી કરી શકો છો અને તે પસંદગી કાળજીપૂર્વક કરવી જોઇએ. માણસ તેના મનને અનુસરે છે. આપણને દરેકને કોઇ વસ્તુ ખાવાનો વિચાર કરવાનો અનુભવ હશે. કદાચ તે આઇસ્ક્રીમ, કે બિસ્કીટ, કે બીજી કોઇ પસંદગીની વસ્તુ હોઇ શકે છે. આપણે તેના વિશે જેટલો વધારે વિચાર કરીશું એટલો વધારે તેને પ્રાપ્ત કરવાનો ઇરાદો થશે. જો આપણે લાંબો સમય તેનો વિચાર કરીશું તો તે વસ્તુ લેવા માટે આપણે આપણું વાહન લઇને કેટલાક કિલોમીટર સુધી જઇશું અને તે ખાધા પછી આપણો સમય અને નાણાંનો વ્યય કરવાને લીધે દિલગીર પણ થઇશું.

જો કોઇએ આપણું કંઇ ખોટું કર્યું છે અને તેના વિશે આપણે વારંવાર વિચાર કર્યા કરીશું તો તેનાથી આપણને દુઃખ થશે, આપણે ગુસ્સે થઇશું અને માનસિક રીતે હતાશ થઇશું. આપણા વિચારો આપણી લાગણીઓને અસર કરશે અને આપણી લાગણીઓ આપણા શબ્દો બની જશે.

ફરી જ્યારે તમે હતાશ કે નિરાશ થાઓ ત્યારે તમે કયો વિચાર કર્યો છે તેના વિશે તમારી જાતને પ્રશ્ન પૂછજો અને તમને તમારા વિચારો અને લાગણીઓ વચ્ચેનો સંબંધ સ્પષ્ટપણે દેખાશે.

આપણું મન તો એક યુદ્ધભૂમિ છે, ત્યાં આપણે શેતાનની સાથે યુદ્ધ લડીએ છીએ. ૨ કરિંથીઓને પત્ર ૧૦:૪-૫ આપણને શીખવે છે કે આપણે ખોટા વિચારોને અને કલ્પનાઓને તોડી પાડીને તેને વશ કરીને ઈસુ ખ્રિસ્તની આધીનતામાં લાવવાના છે. તેનો અર્થ એ છે કે આપણે પ્રભુના વચનો પ્રમાણે વિચાર કરવા જોઇએ. જે કંઇ ઈસુ ખ્રિસ્તના શિક્ષણની સાથે સંમત થતું નથી તેને આપણે આપણા મનમાંથી દૂર કરવું જોઇએ અને શેતાનના જૂઠાણા તરીકે તેનો નકાર કરવો જોઇએ. જો તમારો શત્રુ (શેતાન) તમારા મનની નિયંત્રિત કરશે તો તે તમારા જીવન અને મૂકામને પણ નિયંત્રિત કરશે.

ઉદાહરણ તરીકે, જો તમે આત્મહત્યા કરવાનો વિચાર કરો છો તો પ્રભુ તે વિચારને તમારા મનમાં મૂકતા નથી. તમે જીવો અને તમારા જીવનનો આનંદ માણો એવી પ્રભુની ઇચ્છા છે. જો તમે એવો વિચાર કરો છો કે તમે નકામા છો અને કોઇ તમને પ્રેમ કરતું નથી તો આવા વિચારો પ્રભુ તરફથી આવતા નથી, કેમ કે તે દેવના વચન પ્રમાણેના વિચારો નથી.

## નકારાત્મક વિચાર

દરેક પ્રકારના નકારાત્મક વિચાર વિશે સાવધ રહો. તમારા જીવન વિશેની દેવની યોજનામાં કંઇ જ નકારાત્મક નથી. પાણીથી અડધા ભરેલા પ્યાલાને અડધો ખાલી જોવા કરતાં અડધો ભરેલો જોવો તે સારું છે. હકારાત્મક બની રહેવાથી કોઇને ક્યારેય દુઃખ થતું નથી.

તમારા જીવનમાં અત્યાર સુધી જે કંઇ થયું હોય પરંતુ તમારી પાસે તમારા ભવિષ્યને માટે હકારાત્મક દર્શન હોવું જ જોઇએ. પ્રભુની સાથે સંમત થાઓ અને તમારું સારું જ થશે એવો વિશ્વાસ કરો.

એક સમયે હું નકારાત્મક હતી એવા તમે પણ નકારાત્મક છો તો હકારાત્મક વિચારો કરવાની ટેવ પાડો. મારો ઉછેર ખૂબ જ નકારાત્મક વાતાવરણમાં

થયો હતો અને હું હંમેશા વિપત્તિ કે સમસ્યાઓના જ વિચારો કર્યા કરતી હતી, પરંતુ હું એ વાત શીખી છું કે વાસ્તવિક રીતે તો નકારાત્મક વિચારો કરવાથી આપણે સમસ્યામાં આવી પડીએ છીએ.

> વિપત્તિવાનના (નિરાશાજનક વ્યક્તિના) સર્વ દિવસો ભૂંડા (નિરાશાજનક અને અનિશ્ચિતતાના વિચારો દ્વારા) છે; પણ ખુશ અંતઃકરણવાળાને (પરિસ્થિતિઓની અનિશ્ચિતતા હોવા છતાં પણ) સદા મિજબાની છે.
>
> - નીતિવચનો ૧૫:૧૫

પ્રથમ વાર પવિત્ર આત્માએ મને આ વચન દ્વારા દોરવણી આપી હતી ત્યારે હું "અનિશ્ચિતતા" વિશે કંઇ જાણતી નહોતી, પરંતુ હું શીખી કે એ તો કંઇ ખરાબ થવાનું છે એવા નકારાત્મક અને બીકથી ભરેલા વિચારો છે. હું એ વાત પણ સ્વીકારું છું કે જ્યારે હું સમસ્યાઓના વિચારો કરતી હતી ત્યારે જે સમસ્યાઓની અપેક્ષા હું રાખતી હતી તે મારા પર આવી પડતી હતી. હું તો મારું જીવન બદલવા માગતી હતી અને પ્રભુ શા માટે તે બદલતા નથી તે સમજી શકતી નહોતી, પરંતુ અંતે મને એ વાતનું ભાન થયું કે મારું જીવન બદલાય તે પહેલાં મારે મારા વિચારો બદલવાની જરૂર છે.

કશાને માટે નકારાત્મક બનશો નહિ... તમારા ભવિષ્ય કે ભૂતકાળને માટે પણ નહિ. જો તમે પ્રભુ પર ભરોસો રાખશો તો પ્રભુ પોતાની યોજનામાં તમારા ભૂતકાળનો ઉપયોગ કરશે. તમે જે ભૂલો કરી છે તે તમને સારા અને જ્ઞાની વ્યક્તિ બનાવશે. તમે તેમાંથી શીખી શકશો અને ફરીથી એવી જ ભૂલો ન કરો તે માટેનો નિર્ણય પણ કરશો. તમારા નાણાં, મિત્રો, કુટુંબ, તમારા દેખાવ, તમારી પાસે જે નોકરી છે કે નથી તેના વિશે, તમે ક્યાં રહો છો, તમે કઇ કાર ચલાવો છો અથવા તો એવી બીજી કોઇપણ બાબત વિશે

નકારાત્મક વિચાર કરશો નહિ. હકારાત્મક અભિગમ કેળવો, અને તે તમને હકારાત્મક અને સામર્થી જીવન પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે.

## ચિંતા કરશો નહિ કે નિરાશ થશો નહિ

ચિંતા અને નિરાશા બે ખરાબ પ્રકારના વિચારો છે. ચિંતા કરવાથી કંઇ સારું થતું નથી પરંતુ તે ઘણું બધું નુક્સાન કરે છે. ચિંતા કરવાને બદલે પ્રભુ તમારી સઘળી સમસ્યાઓમાં તમારી સંભાળ રાખશે એવો વિશ્વાસ કરો. ચિંતા કરવાથી તમે તમારી ઉંમર કરતાં વધારે વૃદ્ધ દેખાઓ છો, માથાનો દુઃખાવો અને પેટની સમસ્યા થાય છે અને તે સઘળી બાબતો કઠિન લાગે છે. તમારા માટે પ્રભુની ઇચ્છા એવી નથી.

ચિંતા ન કરવી એ શરૂઆતમાં અઘરું લાગશે ખરું, કેમ કે તમે તમારી જાતની ચિંતા કરવા અને હવે શું કરવું એવા વિચારો કરવા માટે ટેવાયેલા છો, પણ યાદ રાખો કે હવે તમે જીવન જીવવાના નવા માર્ગ વિશે શીખી રહ્યા છો.

જે લોકોને ઈશ્વરની સાથે સંબંધ હોતો નથી તેમને એમ લાગે છે કે ચિંતા કરવી જોઇએ, પરંતુ તમે એમ કરતા નથી. કેમ કે પ્રભુ તમારી સાથે છે અને તે કહે છે કે તમારી સર્વ ચિંતા તેના પર નાખો અને તે તમારી સંભાળ રાખશે (૧ પિતરનો પત્ર ૫:૭).

નિરાશાનો અર્થ એ છે કે આપણે આજનો દિવસ કાલની ચિંતામાં પસાર કરીએ છીએ. ઈસુએ એમ કરવાનું કહ્યું નથી, કેમ કે દહાડાને સારુ દહાડાનું દુઃખ બસ છે (માથ્થી ૬:૩૪). જ્યારે સમય આવે ત્યારે તમારે શું કરવું તે તમે જાણશો, પરંતુ તે સમય આવ્યા પહેલાં કદાચ તમે તે વિશે જાણશો નહિ. તમે પ્રભુ પર વિશ્વાસ કરવાનું શીખો એવી પ્રભુની ઇચ્છા છે. તે ક્યારેય વિલંબ કરતા નથી, અને સમય કરતાં વહેલા ઉતાવળ પણ કરતા નથી. નવા

વિશ્વાસીને માટે રાહ જોવી તે અઘરું લાગશે, કેમ કે એમ કરવા માટે તમે ટેવાયેલાં નથી.

પરંતુ થોડા સમય બાદ તમને એમ કરવાનું ગમશે. તમારું મન નિશ્ચિંત રહેશે અને દરરોજ ચિંતા કર્યા વગર મુક્તપણે રહેશો.

જ્યારે પણ તમને ચિંતા કરવાનું પરીક્ષણ થાય ત્યારે શેતાનને યાદ કરાવો કે તમે પ્રભુનું બાળક છો અને તેણે તમારી સંભાળ લેવાનું વચન આપ્યું છે.

તમારા મનને નવીનતાને યોગે રૂપાંતરિત કરવાનો માર્ગ તો વચનનો અભ્યાસ અને તેનું મનન કરવાનો છે. એ તો સાચા અને ખોટા વિચાર વચ્ચેના તફાવત વિશે શીખવાનો માર્ગ છે. ઉદાહરણ તરીકે, કોઇ વ્યક્તિ એવો વિચાર કરે કે તેના ઘરમાં હંમેશાથી ગરીબી છે તેથી તે જીવનભર ગરીબ જ રહેશે, પરંતુ પ્રભુના વચનમાં તમે જોઇ શકશો કે એ સાચું નથી. પ્રભુની સહાય દ્વારા અને તમારી નાણાંકીય બાબતોમાં પ્રભુના સિદ્ધાંતોને લાગુ કરવા દ્વારા તમે ગરીબીના ઘટનાચક્રને તોડી શકશો અને તમારા જીવનમાં જરૂર કરતાં વધારે પ્રાપ્ત કરી શકશો. પ્રભુનું વચન કહે છે કે જેમ તારો આત્મા કુશળ છે તેમ તું સર્વ વાતે કુશળ તથા તંદુરસ્ત રહે (૩ યોહાન ૨). તમે તમારા આત્મામાં પરિપક્વ બનો અને પ્રભુની આજ્ઞાઓ પાળો તો તમે યોગ્ય રીતે જ્ઞાનપૂર્વક તેનો ઉપયોગ કરી શકો એવી સઘળી બાબતો પ્રભુ તમને આપશે.

પ્રભુ તમારી જરૂરિયાતો પૂરી પાડશે અને તમારે બીકમાં રહેવું પડશે નહિ. જો તમારે રોજગારીની જરૂર છે તો તમે તેના માટે પ્રાર્થના કરી શકો છો અને પ્રભુ તમને નોકરી પ્રાપ્ત કરવા માટે મદદ કરશે. પ્રભુ તમારા પર કૃપા કરશે અને જે કામમાં તમે હાથ નાખો તે કામને આશીર્વાદિત કરશે.

તમે સારું જીવન પ્રાપ્ત કરો એવી પ્રભુ ઈસુની ઇચ્છા છે. તમને જે જીવન આપવા માટે તે મરણ પામ્યો તેનો આનંદ તમે માણો એવી તેની ઇચ્છા છે.

જ્ઞાન અને સમજણ પ્રાપ્ત કરો, બુદ્ધિ અને વિવેકશક્તિ પ્રાપ્ત કરો. જ્ઞાન વગર લોકો નાશ પામે છે, તેથી તેને માટે પ્રભુને વિનંતી કરો. ઈસુ ખ્રિસ્ત દેવ તરફથી આપણે સારુ જ્ઞાન, ન્યાયીપણું, પવિત્રીકરણ તથા ઉદ્ધાર થયો છે. (૧ કરિંથીઓને પત્ર ૧:૩૦). તમે તેના માર્ગોમાં ચાલી શકો તે માટે પ્રભુની પાસે જ્ઞાન માગો. "કેમ કે જ્ઞાન માણેક કરતાં શ્રેષ્ઠ છે; સર્વ મેળવવા ધારેલી વસ્તુઓ તેની બરાબરી કરી શકે નહિ" (નીતિવચનો ૮:૧૧).

મારું સૌથી વધારે વેચાયેલું પુસ્તક *મનની યુદ્ધભૂમિ* (Battlefield of the Mind) છે. બની શકે એટલું જલદી તમે તે પુસ્તક વાંચો એવી હું ભલામણ કરું છું. યાદ રાખો કે, તમારા મનને નવીનતાને યોગે રૂપાંતરિત કરવાનું કાર્ય થોડા સમય માટે યુદ્ધ જેવું લાગશે, પરંતુ હિંમત હારી જશો નહિ. જેઓ ખંતથી પ્રભુને શોધે છે તેમને પ્રતિફળ આપવામાં આવશે.

## પ્રકરણ ૬

# વાતચીત કરવાનો નવો માર્ગ

આપણા શબ્દોમાં સામર્થ્ય રહેલું છે. તેમાં સર્જનાત્મક અથવા નાશકારક સામર્થ્ય રહેલું છે. સૃષ્ટિની શરૂઆતમાં જ્યારે દેવ બોલ્યા ત્યારે સઘળું ઉત્પન્ન થયું અને આપણે પણ તેમના ઉદાહરણને અનુસરવું જોઇએ.

> માણસ (તેનું નૈતિક જીવન) પોતાના મોઢાના ફળથી પેટ ભરીને ખાશે; અને તેના હોઠોની ઊપજથી તે ધરાશે (સારી કે ખોટી રીતે તૃપ્ત થશે). મરણ તથા જીવન જીભની સત્તામાં છે; અને તેનો જે જેવો ઉપયોગ કરશે તે તેવું ફળ (જીવન કે મરણ) ખાશે.
>
> - નીતિવચનો ૧૮:૨૦-૨૧

આ વચનનો કાળજીપૂર્વક અભ્યાસ આપણને એમ કહે છે કે આપણા શબ્દોના પરિણામો રહેલાં છે. કેટલાંક સારા અને કેટલાંક ખરાબ પરિણામો લાવે છે. કેટલાક લોકો સારું અને કેટલાક લોકો ખરાબ ફળ ઉપજાવે છે. આપણે બોલવા માટે આપણું મોં ખોલીએ છીએ ત્યારે આપણને આપણા શબ્દોના સામર્થ્યનું ભાન હોવું જોઇએ. આપણા વિચારો આપણા શબ્દો બને છે, અને આપણા મનમાં નકારાત્મક વિચારો મૂકવાના શેતાનના કારણોમાંનું એક કારણ એ જ છે.

તે જાણે છે કે જો આપણે એ વિચારોને આપણા પોતાના વિચારો કરી લઈશું તો આપણે તે વિચારો મુજબ જ બોલીશું અને તેનાથી તેને ખુલ્લું દ્વાર પ્રાપ્ત થશે અને તે આપણા જીવનના તે ક્ષેત્રમાં પ્રવેશ કરીને તેનું ગંદુ કામ કરશે.

જે કોઈ પોતાના મોઢાની તથા જીભની સંભાળ રાખે છે, તે સંકટમાંથી પોતાના આત્માનું રક્ષણ કરે છે.

- નીતિવચનો ૨૧:૨૩

આ જગતમાં સૌથી મોટું પરીક્ષણ તો આપણે જે અનુભવ કરીએ છીએ એવું જ બોલવાનું પરીક્ષણ છે, પરંતુ આપણે પ્રભુના વચનો મુજબ જે કંઈ પ્રાપ્ત કરી શકીએ છીએ એવા શબ્દો બોલીએ એવી પ્રભુની ઈચ્છા છે. હું એવું સૂચન કરતી નથી કે તમે તમારી પરિસ્થિતિઓની અવગણના કરો, પરંતુ હું એવું કહેવા માગું છું કે તમે તેના પર વિજય પ્રાપ્ત કરી શકો છો અને તમે તમારી સમસ્યાઓમાં જે શબ્દો બોલશો તેનાથી ઘણો ફરક પડશે.

ઈસ્રાએલીઓએ ૧૧ દિવસનો પ્રવાસ કરવાને બદલે અરણ્યમાં ૪૦ વર્ષ ગાળ્યા હતા. તેઓ એજ પર્વતોની આસપાસ ફર્યા કરતા હતા અને કોઈ પ્રગતિ કરી નહિ. તેમની ઘણી સમસ્યાઓ હતી અને તેમાંની સૌથી મોટી સમસ્યા તો કચકચની સમસ્યા હતી. જ્યારે કોઈ બાબત તેમની ઈચ્છા પ્રમાણે બની નહિ ત્યારે તેમણે હંમેશા કચકચ અને ફરિયાદો જ કરી હતી. આપણે આપણા જીવનમાં અરણ્ય જેવી પરિસ્થિતિમાંથી પસાર થઈએ કે સારી પરિસ્થિતિમાંથી પસાર થઈએ તે દરેક પરિસ્થિતિમાં પ્રભુની આભારસ્તુતિ કરીએ એવી પ્રભુની ઈચ્છા છે. સમસ્યાના સમયે આપણે જે શબ્દો બોલીએ છીએ તે શબ્દો આપણે કેટલો સમય એ પરિસ્થિતિમાં રહીશું તે સમય નક્કી કરે છે.

આ વાત કદાચ તમને વિચિત્ર લાગે, પરંતુ તમારા શબ્દોમાં સામર્થ્ય છે. રોમનોને પત્ર ૪:૧૭ કહે છે કે આપણે એવા ઈશ્વરની સેવા કરીએ છીએ કે જે નથી તે જાણે હોય એવું પ્રગટ કરનાર છે. જે કંઇ થવાનું છે તે પ્રભુ જાણે છે અને તે જાણે થઇ ગયું છે એ રીતે તેના વિશે વાત કરે છે.

એમ કરવા માટે તમારે વિશ્વાસની દૃષ્ટિ રાખવી પડે. વિશ્વાસ તો સ્વાભાવિક રીતે જે જોઇ શકાતું કે અનુભવાતું નથી તેને જુએ છે. વિશ્વાસ દેવના વચનોને લઈને તે સાચા છે એમ માનીને કાર્ય કરે છે!

જો આપણને કંઇ સમસ્યા હોય અને આપણે ખરેખર એવો વિશ્વાસ કરીએ છીએ કે પ્રભુ આપણને છુટકારો આપશે તો આપણે અત્યારે ખુશ થઈશું. આપણી પાસે તે છે એવો વિશ્વાસ રાખવાથી આપણે તેને જોઈએ ત્યાં સુધી આપણે તેની વાટ જોતા નથી. આપણને આપણા હૃદયના ઊંડાણમાં જાણીએ છીએ કે પ્રભુ આપણા વતી કામ કરી રહ્યા છે.

જ્યારે હઝકિયેલ પ્રબોધકે તેની આસપાસ જોયું ત્યારે તેણે નરદમ સૂકાં હાડકાં જોયાં અને દેવે તેને પૂછ્યું કે શું હા હાડકાં જીવતાં થઇ શકે? ત્યારે હઝકિયેલે ઉત્તર આપ્યો કે, "હે પ્રભુ યહોવા, તું જાણે છે." તેના પ્રત્યુત્તરમાં પ્રભુએ તેને એ હાડકાંને પ્રબોધ કરવાનું (તેમની સાથે વાત કરવાનું) અને તેમને પ્રભુનું વચન સંભળાવવાનું કહ્યું. હઝકિયેલને જે પ્રમાણે આજ્ઞા આપવામાં આવી હતી તેમ તેણે પ્રબોધ કરવાની શરૂઆત કરી અને ત્યારે તે હાડકાં એકબીજાની સાથે જોડાયા. તેમના પર સ્નાયુઓ અને માંસ આવ્યા અને તે એકબીજાની સાથે જોડાઈને એક મોટું સૈન્ય થઈને પોતાના પગ પર ઊભાં થયાં (હઝકિયેલ ૩૭). દેવના વચનના સામર્થ્યનું કેટલું મોટું ઉદાહરણ!

## મોટેથી પ્રભુનું વચન બોલવું

હું દરેક સ્થળે લોકોને પ્રભુનું વચન મોટેથી બોલવાનું અને આત્મિક શિસ્ત

તરીકે તેમના દૈનિક જીવનમાં એક હેતુ સાથે એમ કરવાનું શીખવું છું. પ્રભુએ મને શીખવેલી મહત્વની બાબતોમાંની આ એક સૌથી મહત્વની બાબત છે, અને હું કહી શકું છું કે તેનાથી મારા મનનું નવીનીકરણ કરવામાં અને મારું જીવન બદલવામાં મને સહાય પ્રાપ્ત થઈ છે.

દેવનું વચન તો આત્માની તલવાર છે. એ તો શેતાનની સામે ઉપયોગમાં લેવામાં આવતું સૌથી મોટું હથિયાર છે. તે દેવના વચનથી ગભરાય છે અને તેનાથી કાંપે છે. લૂક ૪માં શેતાને ઈસુનું પરીક્ષણ કર્યું હતું તે પ્રસંગ વિશે વાંચીએ છીએ. તે અરણ્યમાં હતો. તેણે લાંબા સમય સુધી ખાધું નહોતું અને શેતાને તેના મનમાં વિચારો મૂકવાની શરૂઆત કરી. જ્યારે શેતાને ઈસુને જૂઠું કહ્યું ત્યારે ઈસુએ તેને એવો પ્રત્યુત્તર આપ્યો કે, “એમ લખેલું છે કે...” એમ કહીને ઈસુ મોટેથી દેવનું વચન બોલ્યો હતો અને શેતાનના જૂઠાણાને તોડી પાડયું હતું. આપણે જ્યારે આ ઉદાહરણને અનુસરીએ છીએ ત્યારે આપણે પણ વિજય પ્રાપ્ત કરીએ છીએ.

શું તમે જે બોલો છો તે શબ્દો પર ધ્યાન આપવાની શરૂઆત કરવાની ઈચ્છા રાખો છો? જો તમે એવી ઈચ્છા રાખો છો તો તમને જાણવા મળશે કે તમે એવી ઘણી વાતો બોલો છો કે જે તમારા જીવનમાં થવી જોઈએ નહિ. હું માનું છું કે આપણે જે શબ્દો બોલીએ છીએ તેના દ્વારા આપણે આપણી શાંતિ અને આનંદના સ્તરમાં વધારો કે ઘટાડો કરી શકીએ છીએ. જો હું સાચી છું તો, શા માટે તમે તમારી જાતને ઉદાસ કરો એવા શબ્દો બોલવાને બદલે આનંદિત થાઓ એવા શબ્દો બોલશો નહિ?

વિશ્વાસથી બોલવું એ તો નવા જીવનનો ભાગ છે, તેથી અત્યારે જ તેની શરૂઆત કરો. તમે એ પ્રમાણે બોલી શકો કેઃ

પ્રભુ મને પ્રેમ કરે છે અને મારા જીવન માટે તેમની પાસે સારી યોજના છે.
હું જ્યાં જાઉં ત્યાં મારી તરફેણ કરવામાં આવે છે.

હું જે કામમાં હાથ નાખીશ તેમાં હું સફળ થઈશ.
પ્રભુ મારા માટે સારા દ્વારો ખોલશે અને ખોટા દ્વારોને બંધ કરશે.
હું જ્ઞાનથી ચાલું છું.
હું શાંતિથી ભરપૂર છું.
હું આનંદિત છું.
હું પ્રેમમાં ચાલું છું.
આજે મારું કંઈ સારું થશે.
મારા બધાં જ બાળકો પ્રભુ પર પ્રેમ રાખે છે અને પ્રભુની સેવા કરે છે.
મારું લગ્નજીવન દિન-પ્રતિદિન સારું થતું જાય છે.
હું જ્યાં જાઉં ત્યાં આશીર્વાદરૂપ બનું છું.

ચોક્કસપણે આ યાદીનો અંત આવશે નહિ. પરંતુ એ વાત વિશે ચોક્કસ બનો કે તમે જે કંઈ બોલો છો તે દેવના વચન પ્રમાણેના શબ્દો હોવા જોઈએ. પ્રભુની સાથે સંમત થવાથી તમારા માટે નવું જગત ખુલ્લું થશે. તે દેવની યોજનાને કાર્યાન્વિત કરશે અને શેતાન તેને રોકી શકશે નહિ!

## પ્રકરણ ૭

# તમારી જાતને જોવાનો નવો માર્ગ

તમે તમારી જાતને કેવી રીતે જુઓ છો? તમે તમારા હૃદયમાં જે છબી લઇને ફરો છો એ તમારી જાતની છબી છે. હું ઘણા વર્ષોથી લોકોની સેવા કરું છું અને આ વર્ષોમાં મેં શોધી કાઢયું છે કે મોટા ભાગના લોકો પોતાની જાતને પસંદ કરતા નથી. ઘણા વર્ષો સુધી મારો મારી પોતાની જાતની સાથેનો સંબંધ ખૂબ જ ખરાબ હતો અને તેના લીધે મારા જીવનના દરેક ક્ષેત્રોમાં કડવાશ વ્યાપી ગઇ હતી. પ્રભુ તમને પ્રેમ કરે છે અને તમે પણ તમારી જાતને પ્રેમ કરો એવું તે ચાહે છે. સ્વાર્થી કે સ્વકેન્દ્રિત રીતે નહિ પરંતુ સ્વસ્થ રીતે. તમારી પાસે જે નથી એવું કંઇ તમે આપી શકતા નથી. પ્રભુ આપણને પ્રેમ કરે છે અને તે પ્રેમ પ્રથમ તો આપણને સાજાં કરે અને ત્યારબાદ બીજા લોકો સુધી વહેવા લાગે એવી પ્રભુની ઇચ્છા છે. જો તમે તમારી જાતને યોગ્ય રીતે પ્રેમ કરવા દ્વારા તમારા માટેના પ્રભુના પ્રેમને પ્રાપ્ત કરવાની ના પાડો છો તો તમે ક્યારેય બીજાઓને પ્રેમ કરી શકતા નથી.

શું તમારો તમારી પોતાની જાત પ્રત્યેનો અભિપ્રાય તમારી કામગીરી પર આધારીત છે? આપણામાંના મોટા ભાગના લોકો એવો જ વિચાર કરે છે અને આપણી કામગીરી સતત સારી હોતી નથી તેથી આપણો અભિપ્રાય સારો હોઇ શકતો નથી. આપણે અપૂર્ણ મનુષ્યો છીએ અને આપણે ભૂલો કરીએ છીએ. આપણે સારા કૃત્યો કરવા માગીએ છીએ પણ આપણે હંમેશા

ભૂલો કરીએ છીએ. તેથી જ આપણને ઈસુની જરૂર છે. તે આપણી નિર્બળતામાં તેનું બળ સંપૂર્ણપણે દેખાડી આપે છે.

તમે પ્રભુને માટે આશ્ચર્યકારક નથી. તે જાણે છે કે તેણે તમને પોતાની સાથે સંબંધ બાંધવા માટે આમંત્રણ આપ્યું ત્યારે તમે કેવા હતા. આપણે આપણા જીવનમાં જે કંઇ ભૂલો કરવાના છીએ તેના વિશે તે અગાઉથી જાણે છે, છતાં પણ તે આપણને પ્રેમ કરે છે. તમારી પોતાની જાત પ્રત્યે આટલા કઠોર થશો નહિ. દરરોજ પ્રભુની દયા પ્રાપ્ત કરવાનું શીખો. દરરોજ પ્રભુના મહિમાને માટે તમારાથી બનતા શ્રેષ્ઠ પ્રયત્નો કરો. તે તમને પ્રેમ કરે તે માટે નહિ પરંતુ તમે પ્રભુ પર પ્રેમ રાખો છો તેથી તેને માટે જે શ્રેષ્ઠ છે તે કરો. તે તમને પહેલાંથી જેવો પ્રેમ કરે છે એવો જ પ્રેમ ભવિષ્યમાં પણ કરશે, અને તેનો પ્રેમ સંપૂર્ણ છે. દર દિવસના અંતે પ્રભુ પાસે તમારાં સઘળાં પાપો અને ભૂલોની માફી માગો, સારી ઊંઘ લો અને બીજા દિવસે નવી શરૂઆત કરો.

શેતાન તમારી વિરુદ્ધ છે, પરંતુ પ્રભુ તમારી સાથે છે. તમારે પ્રભુની તરફ રહેવાની જરૂર છે કેમ કે જ્યાં બે વ્યક્તિ એકઠા થાય છે ત્યાં તેઓ સામર્થી બને છે. તમે દેવની નજરમાં મૂલ્યવાન છો અને પ્રભુ જેનો ઉપયોગ કરી શકે એવા ઘણાં તાલંતો તમારી પાસે છે. તમારામાં જે કંઇ ખોટું છે તેને જોયા કરશો નહિ. તમારે કેટલે દૂર જવાનું છે કે તમે કેટલે દૂર સુધી આવ્યા છો તે જોશો નહિ. હવે તમે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસી વ્યક્તિ બન્યા છો અને તે તમારા જીવનમાં સઘળી અદ્‌ભુત વાતોની શરૂઆત છે.

## ન્યાયીપણાને સમજવું

ન્યાયીપણું (દેવની આગળ ન્યાયી વ્યક્તિ તરીકે ઊભા રહેવું) તો આપણા સારા કૃત્યોને લીધે નહિ પણ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા પ્રાપ્ત થાય છે.

તે દેવનું દાન છે અને જે સમયે તમે તમારા તારનાર તરીકે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરો છો ત્યારે તે તમને પ્રાપ્ત થાય છે.

આ વાતનું સમર્થન કરતાં ઘણાં વચનો છે. તમે ઉત્તેજન પામો તે માટે હું તમને કેટલાંક વચનો જણાવવા માગું છું.

> આપણે તેનામાં (અને તેના દ્વારા માન્ય અને સ્વીકૃત અને ખ્રિસ્તની ભલાઈ દ્વારા દેવની સાથેના સીધા તથા યોગ્ય સંબંધમાં) દેવના ન્યાયીપણારૂપ (ન્યાયી વ્યક્તિ તરીકે, ન્યાયીપણું પ્રાપ્ત કરીને ન્યાયીપણાના નમૂનારૂપ) થઈએ, માટે જેણે પાપ જાણ્યું નહોતું તેને તેણે આપણે વાસ્તે પાપરૂપ કર્યો. - ૨ કરિંથીઓને પત્ર ૫:૨૧

કેટલું અદ્‌ભુત! કેટલું મોટું વચન! ઈસુ ખ્રિસ્ત પાપરહિત હોવા છતાં પણ આપણા પ્રત્યેના તેના પ્રેમને લીધે અને દેવની સાથે આપણો સંબંધ બંધાય તે માટે આપણા પાપો તેણે પોતાના પર લીધા છે. હવે પ્રભુ આપણને પોતાની આગળ માન્ય, સ્વીકૃત અને યોગ્ય સંબંધમાં જુએ છે કેમ કે આપણે ઈસુને આપણા તારનાર તરીકે સ્વીકાર્યા છે. હું ફરીથી કહું છું કે... કેટલું અદ્‌ભુત!

પ્રભુ નાખુશ અને ક્રોધિત છે એવા વિચારો કરીને બીવાને બદલે આપણે “ખ્રિસ્તમાં” પ્રભુની આગળ ઊભા રહી શકીએ છીએ અને આપણે જાણીએ છીએ કે આપણો સ્વીકાર કરવામાં આવ્યો છે.

> કેમ કે તેની સમક્ષ કોઈ પણ માણસ નિયમશાસ્ત્ર પ્રમાણેની કરણીઓથી ન્યાયી (નિર્દોષ અને સ્વીકૃત)) ઠરશે નહિ; કારણ કે નિયમદ્વારા (નિયમશાસ્ત્રનું વાસ્તવિક કાર્ય તો માણસોને પાપનું ભાન કરાવવાનું) પાપ વિષે જ્ઞાન (ફક્ત માહિતી નહિ પરંતુ પસ્તાવો, વિશ્વાસ અને પવિત્ર ચરિત્ર) થાય છે. - રોમનોને પત્ર ૩:૨૦

એટલે દેવનું ન્યાયીપણું, જે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ વડે (ઈસુ ખ્રિસ્ત મસિહ છે એવો વ્યક્તિગત વિશ્વાસ અને ભરોસો કરીને તેના પર આધાર રાખવા દ્વારા) સર્વ વિશ્વાસ કરનારાઓને માટે છે તે; કેમ કે એમાં કંઈ પણ ભેદ નથી. - રોમનોને પત્ર ૩:૨૨

તોપણ, માણસ નિયમશાસ્ત્ર પ્રમાણેની કરણીઓથી ન્યાયી ઠરતું નથી, પણ કેવળ ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસથી ઠરે છે, એ જાણીને આપણે પણ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખ્યો કે, આપણે નિયમની કરણીઓથી નહિ પણ ખ્રિસ્ત પરના વિશ્વાસથી ન્યાયી ઠરીએ; કેમ કે નિયમની કરણીઓથી કોઈ પણ માણસ ન્યાયી ઠરશે નહિ. - ગલાતીઓને પત્ર ૨:૧૬

ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તમે તમારી જાતને ન્યાયી વ્યક્તિ તરીકે જુઓ તે તમારી આત્મિક વૃદ્ધિને માટે ખૂબ જ અગત્યનું છે. તે દેવનું દાન છે. જો આપણે હંમેશા આપણી પોતાની જાતને ખોટી જ માનીશું તો આપણે હંમેશા એવો જ વિચાર કરીશું કે પ્રભુ આપણા પર ક્રોધિત છે, અને પ્રભુ આપણને જે સામર્થ્યમાં ચલાવવા માગે છે તેમાં ચાલીશું નહિ. ઈસુ પર વિશ્વાસ કરવા દ્વારા આપણી પાસે શેતાન પર અધિકાર છે, પરંતુ આપણે પ્રભુની આગળ દોષ તથા દંડાજ્ઞાના વસ્ત્રો પહેરીને નહિ પરંતુ ન્યાયીપણાના વસ્ત્રો પહેરીને ઊભા રહેવું જ પડે.

એફેસીઓને પત્રના છઠ્ઠા અધ્યાયમાં આપણને કહેવામાં આવ્યું છે કે આપણે ન્યાયીપણાનું બખતર પહેરવાનું છે. કોઈપણ સૈનિકના હૃદયનું રક્ષણ તેણે પહેરેલા બખતરને લીધે થાય છે. તમે તમારી જાત વિશે કેવો વિચાર કરો છો? તમે પ્રભુની સાથે સીધા સંબંધમાં છો અને ન્યાયી છો એવો વિશ્વાસ તમે કરો છો ખરા? જો તમે તમારી દરેક ભૂલો પર દૃષ્ટિ કર્યા કરવાને બદલે ઈસુએ

તમારા માટે જે કંઇ કર્યું છે તેના પર તમારી દૃષ્ટિ લગાવશો તો તમે એમ કરી શકશો. તમે ભૂલો કરશો, અને જ્યારે તમે ભૂલ કરો ત્યારે તરત જ તેનો પસ્તાવો કરીને પ્રભુની પાસે તેની માફી માગો. એ રીતે આપણે ન્યાયીપણામાં ચાલી શકીએ છીએ. આપણે આપણા પોતાના ન્યાયીપણામાં ચાલતા નથી કેમ કે આપણું ન્યાયીપણું તો મેલા ચીંથરા સમાન છે, પરંતુ આપણે ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા ન્યાયીપણામાં ચાલવું જોઈએ.

ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસી વ્યક્તિ તરીકે હવે તમારી પાસે જે નવું જીવન છે તે જીવનમાં તમે આવો નવો અદ્‌ભુત અભિગમ રાખી શકો છો.

## તમારી જાતનો આનંદ માણો

હવે તમે તમારી જાતનો આનંદ માણવા માટે મુક્ત છો, અને તમે એમ કરો એવી પ્રભુની ઈચ્છા છે. બીજાઓ તમારા માટે શું કહે છે કે ભૂતકાળમાં તેમણે તમારા માટે શું કહ્યું છે તેના આધારે તમારી જાતનું મૂલ્યાંકન કરશો નહિ. લોકોએ તમારી સાથે કેવો વ્યવહાર કર્યો છે કે તમે જીવનમાં શું સંપાદિત કર્યું છે તેના પર નિર્ભર રહેશો નહિ. પ્રભુએ વિચાર્યું કે તમે એટલા મૂલ્યવાન છો કે તે પોતાના પુત્રને તમારા માટે બલિદાન થવા મોકલી દે, અને એ જ તમારા આનંદનું કારણ છે.

બાઈબલ આપણને સ્પષ્ટપણે શીખવે છે કે આપણે આપણા જીવનનો આનંદ માણીએ એવી પ્રભુની ઈચ્છા છે, અને જો તમે તમારી જાતનો આનંદ માણશો નહિ તો તે શક્ય બનશે નહિ. તમે એક એવા વ્યક્તિ છો કે જે તમારી પોતાની જાતથી ક્યારેય, એક સેકંડ માટે પણ દૂર થતા નથી. જો તમે તમારી જાતનો આનંદ માણતા નથી તો તમે દુ:ખી થાઓ છો.

મારી જેમ તમે પણ કદાચ બીજા લોકો કરતાં અલગ હશો, પણ તે સારું છે. વાસ્તવમાં તો પ્રભુએ એક હેતુ માટે એમ કર્યું છે. પ્રભુએ આપણને

દરેકને અલગ બનાવ્યા છે. પ્રભુને વિવિધતા ગમે છે. તમે વિચિત્ર નથી; તમે તો અસલ અને અનુપમ સર્જન છો અને બીજા કોઈની નકલ કરતાં તમારું પોતાનું એક મોટું મૂલ્ય છે.

બીજાઓની સાથે તમારી જાતને સરખાવશો નહિ અને તેમની સાથે સ્પર્ધા કરવામાં તમારા જીવનને બગાડશો નહિ (૨ કરિંથીઓને પત્ર ૧૦:૧૨). તમે જેવા છો એવા બની રહો અને તમારી જાતનો આનંદ માણો. આપણને દરેકને જેમ બદલાણની જરૂર છે તેમ તમારે પણ તમારા જીવનના કેટલાક ક્ષેત્રોમાં બદલાણની જરૂર છે અને પવિત્ર આત્મા તમારા જીવનમાં એ બદલાણ લાવવા માટે કાર્યરત છે. સારા સમાચાર તો એ છે કે હવે આ પ્રક્રિયા ચાલુ છે તેમાં તમે તમારી જાતનો આનંદ માણવા માટે સ્વતંત્ર છો.

## પ્રકરણ ૮

# બીકના બદલામાં વિશ્વાસનો વિનિમય

બીકનો અનુભવ કેવો હોય છે તે વિશે આપણે બધા જાણીએ છીએ. તે આપણને પીડા આપે છે અને આપણી પ્રગતિને અવરોધે છે. બીક આપણને હચમચાવી મૂકે છે, નિર્બળતાનો અનુભવ કરાવે છે, પરસેવો લાવી દે છે અને જેનો આપણે સામનો કરવો જોઈએ તેનાથી આપણને દૂર નસાડે છે.

બીક દેવ તરફથી નથી. પ્રભુએ આપણને જે સારું જીવન આપ્યું છે (૨ તિમોથીને પત્ર ૧:૭) તેને આપણાથી દૂર કરવા માટે બીક તો શેતાનનું હથિયાર છે. આપણે વિશ્વાસથી જીવીએ એવી પ્રભુની ઈચ્છા છે. આપણા પોતાના વ્યક્તિત્વ દ્વારા પ્રભુના સામર્થ્ય, જ્ઞાન અને ભલાઈ પર સંપૂર્ણ આધાર રાખવો તે વિશ્વાસ છે. એ તો અદૃશ્ય વસ્તુઓની સાબિતી અને જે વસ્તુઓની આશા રાખીએ છીએ તેની ખાતરી છે.

વિશ્વાસ આત્મિક જગતમાં કાર્ય કરે છે. તમે કદાચ જે જુઓ છો કે જેનો અનુભવ કરો છો તેના પર જ ભરોસો કરવાનું શીખ્યા છો, પરંતુ પ્રભુના બાળક તરીકે જેને તમે જોઇ શકતા નથી (આત્મિક જગત) તે જગતમાં આરામદાયક રીતે જીવવાનું શીખવાની જરૂર છે. ઈશ્વર આત્મા છે તેથી આપણે તેને જોઈ શકતા નથી, પરંતુ આપણે દ્રઢપણે તેના પર વિશ્વાસ કરીએ છીએ. સામાન્ય રીતે આપણે દૂતોને જોઈ શકતા નથી, પરંતુ પ્રભુનું વચન

કહે છે કે તે આપણું રક્ષણ કરવા માટે આપણી આસપાસ હોય છે. પ્રભુ પર અને તેના વચનો પર વિશ્વાસ કરવા દ્વારા આપણે આત્મિક જગતમાં પહોંચીને જે હજુ સુધી દૃશ્ય નથી એવી બાબતોને ખેંચી લાવીને જીવનનો આનંદ માણી શકીએ છીએ.

શેતાનને તો આપણી પરિસ્થિતિઓ વિશે વાત કરીને આપણું ધ્યાન તેના તરફ દોરવાનું ગમે છે, અને તે આપણને ભવિષ્યની બીક બતાવવાનો પ્રયત્ન કરે છે. બીજી તરફ, આપણે તેના પર વિશ્વાસ કરીએ કે આપણા જીવનની દરેક પરિસ્થિતિઓ અને શેતાનની ધમકીઓ કરતાં તે મોટા છે એવી પ્રભુની ઇચ્છા છે.

જે પુરુષો અને સ્ત્રીઓ નિરાશાજનક પરિસ્થિતિઓમાં આવી પડયા હતા તેને પરિણામે તેમનાં હૃદયો બીકથી ઘેરાઇ ગયા હતા એવા મોટા ઉદાહરણોથી બાઇબલ ભરેલું છે. પરંતુ તેમણે પ્રભુ પર વિશ્વાસ રાખ્યો અને મોટો છુટકારો પ્રાપ્ત કર્યો હતો. તમે બીકમાં કે વિશ્વાસમાં જીવશો તેનો નિર્ણય તમારે કરવો જ જોઇએ. હવે તમે ખ્રિસ્તી છો છતાં પણ જો તમે વિશ્વાસથી જીવવાનો નિર્ણય કરશો નહિ તો તમે દરેક પ્રકારની બીકમાં જીવન જીવશો. તમે વિશ્વાસથી ઈસુ ખ્રિસ્તને તમારા તારનાર તરીકે સ્વીકાર્યા છે, હવે બીજું પગલું તો વિશ્વાસથી જીવવાનું છે.

> કેમ કે તેમાં (સુવાર્તામા) દેવનું ન્યાયીપણું (દેવ જે ન્યાયીપણું આપે છે કે, જે વિશ્વાસથી અને વિશ્વાસ તરફ દોરે છે તે) પ્રગટ થયેલું છે, તે ન્યાયીપણું વિશ્વાસથી છે, અને વિશ્વાસને અર્થે (વિશ્વાસ દ્વારા અને વિશ્વાસને વધારનાર) છે; જેમ લખેલું છે તેમ, ન્યાયી (વિશ્વાસથી ન્યાયી છે તે) વિશ્વાસથી જીવશે.
>
> - રોમનોને પત્ર ૧:૧૭

આપણે દેવના પ્રેમને સમજીએ અને આપણને એ વાતનું ભાન થાય કે ઈસુ ખ્રિસ્તના મરણ અને પુનરુત્થાન દ્વારા આપણને દેવની આગળ ન્યાયી બનાવવામાં આવ્યા છે તો આપણને વિશ્વાસથી ચાલવું સરળ લાગશે અને આપણે આપણી જાતની સંભાળ રાખવી જ જોઇએ એવો વિચાર કરવા કરતાં પ્રભુ આપણી સંભાળ રાખશે એવો વિશ્વાસ કરવાની શરૂઆત કરીશું.

હિંમત તો બીકની ગેરહાજરી નથી, પરંતુ તે બીકની હાજરીમાં પણ કાર્ય કરે છે. જ્યારે દેવે પોતાના સેવકોને કહ્યું કે, બીશો નહિ, ત્યારે તે તેમને એવી આજ્ઞા કરતા નહોતા કે બીકનો અનુભવ કરશો નહિ, પરંતુ પ્રભુ તેમને એમ કહી રહ્યા હતા કે બીકની લાગણીનો અનુભવ થતો હોવા છતાં પણ તેમણે પ્રભુને આધીન રહીને કાર્ય કરો. પ્રભુ જાણે છે કે બીકનો આત્મા હંમેશા આપણને પ્રભુની સાથે ચાલવામાં અને પ્રગતિ કરવામાં અડચણરૂપ થશે. તેથી જ પ્રભુ વારંવાર આપણને તેના વચનમાં એમ કહે છે કે તે સદાકાળ આપણી સાથે છે અને તેને લીધે આપણે બીકની આગળ ઘૂંટણ ટેકવવાના નથી.

એલીનોર રૂઝવેલ્ટે કહ્યું છે કે, “જે દરેક અનુભવોમાં તમે બીક તરફ નજર કરવાનું બંધ કરશો તેમાં તમે બળ, હિંમત અને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરશો. તમે જે માનો છો કે તમે કરી શકશો તે તમારે કરવું જ જોઇએ.”

> બળવાન તથા હિંમતવાન થાઓ; બીહો મા, ને તેઓથી ભયભીત ન થાઓ, કેમ કે જે તારી સાથે જાય છે તે તો યહોવા તારો દેવ છે; તને તે છોડી દેશે નહિ ને તને તજી દેશે નહિ. - પુનર્નિયમ ૩૧:૬

વિશ્વાસ જ દેવને પ્રસન્ન કરે છે. વિશ્વાસથી આપણે પ્રભુની પાસેથી કંઇ પ્રાપ્ત કરીએ છીએ. તેથી, ઈસુ ખ્રિસ્તમાં નવા વિશ્વાસી વ્યક્તિઓએ વિશ્વાસ વિશે અને વિશ્વાસથી ચાલતાં શીખવું જ જોઇએ તે ખૂબ જ મહત્વનું છે. જેમ

સ્નાયુઓને મજબૂત બનાવવા માટે કસરત કરવામાં આવે છે તેમ વિશ્વાસને મજબૂત કરવા માટે પણ કસરત કરવી જરૂરી છે. ધીમે-ધીમે વિશ્વાસની કસરત કરો અને જ્યારે તમે તેમ કરશો ત્યારે તમારો વિશ્વાસ મજબૂત બનતો જશે.

માથ્થી ૧૭:૨૦ આપણને શીખવે છે કે વિશ્વાસ કરનારને સર્વ શક્ય છે. નાનો વિશ્વાસ પણ આપણા જીવનમાં રહેલી સમસ્યારૂપી પર્વતોને દૂર કરી શકે છે. કદાચ તમે જીવનભર તમારી સઘળી સમસ્યાઓના સમાધાન કરવાનો જાતે જ પ્રયત્ન કર્યો હશે  અને ઘણીવાર નિરાશ ને હતાશ થયા હશો. જો એમ છે તો તમે નવા અનુભવના કિનારે ઊભા છો. હવે તમે પ્રભુની સાથે વાત (પ્રાર્થના) કરી શકો છો અને તમારી સઘળી સમસ્યાઓમાં હસ્તક્ષેપ કરવા માટે પ્રભુને વિનંતી કરી શકો છો, અને તમે જોશો કે જે માણસોને અશક્ય છે તે દેવને શક્ય છે.

તમારા વિશ્વાસ પ્રમાણે તમને થાઓ (માથ્થી ૯:૨૯). તમે તમારા મોટા ભાગના જીવનમાં બીકમાં જીવન જીવ્યા હશો, પરંતુ હવે બીકના બદલામાં વિશ્વાસનો વિનિમય કરવાનો સમય આવી ચૂક્યો છે. નવા માર્ગો વિશે શીખવામાં સમય લાગશે, પરંતુ હતાશ થઈને હિંમત ગુમાવશો નહિ. પૃથ્વી પર સઘળું કાર્ય ધીમે-ધીમે સમયાનુસાર થાય છે. પ્રભુએ આપણને જે કંઇ કરવાનું કહ્યું છે તે આપણે કરીશું તો ધીમે ધીમે બધું બદલાઇ જશે.

## પ્રકરણ ૯

# તમારા જીવનનો આનંદ માણો

ચોરી કરવા, મારી નાખવા તથા નાશ કરવા સિવાય બીજી કોઇ મતલબથી ચોર આવતો નથી; તેઓને જીવન મળે (તેનો આનંદ માણે), અને તે પુષ્કળ મળે (ઉભરાતું જીવન મળે), માટે હું આવ્યો છું.

- યોહાન ૧૦:૧૦

તમે તમારા જીવનનો આનંદ માણી શકો તે માટે ઈસુ મરણ પામ્યો હતો. તેનો અર્થ એ નથી કે તમારે જે કંઇ જોઇએ છે એ સઘળું તમને મળી જશે અને તમારે ક્યારેય કોઇ સમસ્યાઓ થશે જ નહિ. પરંતુ તેનો અર્થ એ છે કે પ્રભુ સાથેના તમારા સંબંધો દ્વારા તમે આ જગતના દુઃખો પર વિજય પ્રાપ્ત કરી શકશો અને પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા પ્રભુ સાથે અને પ્રભુ માટે નવું જીવન જીવશો.

પ્રભુ આપણું ખરું જીવન છે. તેનામાં આપણે જીવીએ છીએ, હાલીએ છીએ અને હોઇએ છીએ. પ્રભુનો આનંદ માણવાનું શીખવાથી તમે તમારા જીવનના દરેક દિવસનો આનંદ માણવા માટે મુક્ત થશો. પ્રભુની સાથેની સંગતનો આનંદ માણો. તમારા વિશેની સઘળી બાબતોની પ્રભુ સંભાળ રાખે

છે, અને બાઈબલ એમ કહે છે કે તમારા સંબંધનું જે કંઇ છે તે યહોવા પૂરું કરશે. તે સર્વ સમયે તમારા જીવનમાં કાર્ય કરે છે અને સંપૂર્ણપણે તમને પોતાની ઈચ્છામાં લાવે છે.

ખોટી રીતે પ્રભુથી બીશો નહિ. આપણા હૃદયમાં પ્રભુ માટે આદરયુક્ત ભય હોવો જોઈએ, તેનો અર્થ એ છે કે આપણે પ્રભુનુ સન્માન કરવું જોઈએ અને જાણવું જોઈએ કે તે સર્વસમર્થ છે અને તે જે કહે છે તે પૂરું કરે છે. પરંતુ આપણે જ્યારે ભૂલ કરીએ ત્યારે પ્રભુ હંમેશા ગુસ્સો કરે છે અને જ્યારે આપણે નિષ્ફળ જઈએ ત્યારે તે આપણને શિક્ષા કરે છે એવા વિચારે ક્યારેય પ્રભુથી બીવું જોઈએ નહિ. પ્રભુ દયાળુ અને કોપ કરવે ધીમા છે. તે ધીરજ રાખે છે અને આપણું બંધારણ જાણે છે અને આપણી નબળાઈઓ તથા અપરાધોને સમજે છે.

જો તમે આવા વિચારો કરો છો તો તમારે તમારા જીવનમાં તથા વ્યક્તિત્વમાં ઘણી બાબતો બદલવાની જરૂર છે - અને પ્રભુ તે બદલશે. પરંતુ સારા સમાચાર તો એ છે કે પ્રભુ તમારામાં એ કાર્ય કરશે ત્યારે તમે પ્રભુનો અને તમારા જીવનનો આનંદ માણી શકશો.

અત્યારે તમારું જે જીવન છે એવા જ જીવન સાથે તમારો અંત આવે એવું તમે ઈચ્છતા નથી, પરંતુ હાલમાં તમારું જીવન એવું છે તેથી તમારે તેનો આનંદ માણવાની શરૂઆત કરવાની છે. તેમાં સારી બાબતો શોધો. દરેક બાબતોમાં હકારાત્મકતા શોધવાનો અને સારું શીખવાનો પ્રયત્ન કરો. તમારા પરિવારજનો અને મિત્રોમાં આનંદ માણો. તેમનાથી દૂર થઈને તેમને બદલવામાં વ્યસ્ત રહેશો નહિ. તેમને માટે પ્રાર્થના કરો અને પ્રભુને તેમનું બદલાણ કરવા દો.

તમારા કામ, તમારા ઘર, તેમજ તમારા દૈનિક સામાન્ય જીવનનો આનંદ માણો. જો તમે પ્રભુ પર વિશ્વાસ રાખશો અને સારો અભિગમ રાખવાનો

નિર્ણય કરશો તો તે શક્ય બનશે. તમારા જીવનમાં, તમારા કુટુંબમાં અને આ જગતમાં જે કંઇ ખોટું છે તેના પર ચિત્ત લગાડવા કરતાં પ્રભુ પર તમારું ચિત્ત લગાડો. તમારા માટે પ્રભુની પાસે સારી યોજના છે અને તેણે તે યોજના પ્રમાણે કામ કરવાની શરૂઆત કરી દીધી છે. સારી બાબતો પ્રાપ્ત થશે એવા વિશ્વાસે તમે તે સમય આવ્યા અગાઉ આનંદ કરી શકો છો.

મોટા ભાગના લોકો એવું માને છે કે જ્યાં સુધી તેમના જીવનમાં કોઇ સમસ્યા છે ત્યાં સુધી તેઓ તેમના જીવનનો આનંદ માણી શકશે નહિ, પરંતુ તે ખોટી વિચારસરણી છે. તમારા ભૂતકાળની ભૂલો પર આધાર રાખીને જીવન જીવશો નહિ. ઈસુ ખ્રિસ્ત દ્વારા તમારી પાસે નવું ભવિષ્ય છે એવા વિચાર કરવાનું ચાલુ રાખો. તમે જે બાબતનો આનંદ માણવાનો નિર્ણય લો છો તેનો જ તમે આનંદ માણી શકો છો. જો તમે સખત ટ્રાફિકમાં બેસીને આનંદ માણવાનો નિર્ણય કરો તો તમે તેનો આનંદ માણી શકો છો. યાદ રાખો કે હું તમને જીવન જીવવાના નવા માર્ગ વિશે શીખવી રહી છું, અને તમારો અભિગમ એ જીવનનો એક મોટો ભાગ છે.

હું જ્યાં જાઉં છું ત્યાં માર્ગમાં જ્યાં પહોંચી હોઉં ત્યાં આનંદ માણવાનું શીખી છું, અને તમે પણ એમ જ કરો એવી હું દ્રઢપણે ભલામણ કરું છું. તમારા જીવનમાં પ્રભુ ઘણું કાર્ય કરવા માગે છે અને તે કાર્ય ચાલુ હોય ત્યારે તમે દુઃખી થાઓ એવી તેમની ઇચ્છા નથી. જેમ નાનાં બાળકો પુખ્ત વયનાં થાય છે તેમ ખ્રિસ્તીઓએ પણ વૃદ્ધિ પામવાની છે. એ પ્રક્રિયા આપણે ઇચ્છીએ તે કરતાં વધારે લાંબી ચાલી શકે છે, પરંતુ તે પ્રક્રિયા દરમ્યાન આનંદ ન માણવાનો કોઇ અર્થ નથી.

આજે જ તમે સંપૂર્ણ થઇ જાઓ એવી પ્રભુની અપેક્ષા નથી. વાસ્તવમાં તો પ્રભુ જાણે છે કે જ્યાં સુધી તમે આ પૃથ્વી પર છો ત્યાં સુધી તમે ક્યારેય સંપૂર્ણ થશો નહિ. પરંતુ, આપણે આગળ વધતા રહીએ એવી તે અપેક્ષા રાખે છે.

આપણે દરરોજ ગંભીરપણે પ્રભુને માટે આપણાથી બનતા શ્રેષ્ઠ પ્રયત્નો કરવા જોઈએ. આપણે આપણી નિષ્ફળતાઓની કબૂલાત કરીને આપણા પાપોની માફી માગવી જોઈએ અને તેનાથી પાછા ફરવાની ઈચ્છા રાખવી જોઈએ. જો આપણે એમ કરીશું તો બાકીનું કાર્ય પ્રભુ પોતે કરશે. તે પોતાના પવિત્ર આત્મા દ્વારા આપણામાં કાર્ય કરવાનું ચાલુ રાખશે. તે આપણને શીખવશે, બદલશે અને આપણો ઉપયોગ કરશે. તમે જીવન જીવવાના નવા માર્ગમાં પગ મૂક્યો છે અને હું માનું છું કે તેના માટે તમે દિલગીર થશો નહિ. પ્રભુનો, તમારી જાતનો અને ઈસુ તમને જે જીવન આપવા માટે મરણ પામ્યો તે જીવનનો આનંદ માણો.

# તારણની પ્રાર્થના

પ્રભુ તમને પ્રેમ કરે છે અને તમારી સાથે વ્યક્તિગત સંબંધ બાંધવા માગે છે. જો તમે ઈસુ ખ્રિસ્તનો તમારા તારનાર તરીકે સ્વીકાર કર્યો નથી તો અત્યારે કરી શકો છો. તમારું હૃદય તેને માટે ખોલો અને આ પ્રાર્થના કરો....

"પિતા, હું જાણું છું કે મેં તમારી વિરુદ્ધ પાપ કર્યું છે. કૃપા કરીને મને માફ કરો. મને ધોઈને શુદ્ધ કરો. હું તમારા પુત્ર ઈસુ પર વિશ્વાસ કરવાનું વચન આપું છું. હું વિશ્વાસ કરું છું કે તે મારા માટે મરણ પામ્યો— તે વધસ્તંભ પર મરણ પામ્યો ત્યારે તેણે મારા પાપો પોતાના પર લઈ લીધા. હું વિશ્વાસ કરું છું કે તે મરણમાંથી સજીવન થયો. હું અત્યારે જ મારું જીવન તેને સમર્પિત કરું છું.

ઈશ્વરપિતા, માફી અને અનંતજીવનના તમારા દાનને માટે હું તમારો આભાર માનું છું. કૃપા કરીને તમારા માટે જીવન જીવવા માટે મને મદદ કરો. ઈસુના નામમાં માગું છું, આમેન."

તમે તમારા હૃદયમાં આ પ્રાર્થના કરી છે તેથી પ્રભુએ તમને સ્વીકાર્યા છે, તમને શુદ્ધ કર્યા છે અને આત્મિક મરણના બંધનમાંથી મુક્ત કર્યા છે. નીચે આપવામાં આવેલા વચનો વાંચવા અને તેનો અભ્યાસ કરવા માટે સમય ફાળવો અને આ નવા જીવનના પ્રવાસમાં તમે તેની સાથે ચાલો છો ત્યારે તે તમારી સાથે વાત કરે તે માટે પ્રભુને પ્રાર્થના કરો.

- યોહાન ૩:૧૬
- એફેસીઓને પત્ર ૧:૪
- ૧ યોહાન ૧:૯
- ૧ યોહાન ૫:૧
- ૧ કરિંથીઓને પત્ર ૧૫:૩-૪
- એફેસીઓને પત્ર ૨:૮-૯
- ૧ યોહાન ૪:૧૪-૧૫
- ૧ યોહાન ૫:૧૨-૧૩

પ્રાર્થના કરો અને તમારા ખ્રિસ્તની સાથેના સંબંધમાં વૃદ્ધિ પામવા પ્રોત્સાહન મળી શકે તેવા સારા બાઈબલમાં વિશ્વાસ ધરાવતા ચર્ચની શોધ કરવા માટેની મદદ માગો. ઈશ્વર હંમેશા તમારી સાથે છે. તેવો તમને એક દિવસે તમને દોરશે અને ભરપૂર જીવન કેવી રીતે જીવવું તે બતાવશે.

# સાહિત્ય માટેની ભલામણ

તમે તમારા નવા જીવનમાં વૃદ્ધિ પામી શકો અને શીખી શકો તે માટે મારી પાસે ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે. તમે તેનું સૂચિપત્ર મંગાવી શકો છો અને તે તમને મફત મોકલવામાં આવશે. તમે અમારું માસિક સામયિક પણ મંગાવો એ માટે હું તમને ભલામણ કરું છું, તે પણ તમને ઘણા મહિનાઓ સુધી મફત મોકલવામાં આવશે.

હું તમને મારા પુસ્તકો *મનની યુદ્ધભૂમિ (Battlefield of the Mind)* અને *How to Succeed at Being Yourself* એ પુસ્તકો વાંચવાની ભલામણ કરું છું. હું તમને *The Word, The Name, The Blood* એ પુસ્તકને વાંચવાની પણ ભલામણ કરું છું, તે તમને ઈસુએ વધસ્તંભ પર તમારા માટે જે કાર્ય કર્યું છે અને હવે એક વિશ્વાસી તરીકે તમારી પાસે જે સામર્થ્ય ઉપલબ્ધ છે તેની સમજને લગતો મજબૂત પાયો તમારા જીવનમાં નાખવા માટે મદદરૂપ થશે.

એક શિક્ષણની શ્રેણી *Pressing In and Pressing On* પણ કેસેટ અને સી.ડી.માં ઉપલબ્ધ છે. *The Mouth* એ શ્રેણી તમને તમારા શબ્દોના સામર્થ્ય વિશે શીખવા માટે ખૂબ જ મદદરૂપ બની રહેશે.

જો અમે તમને બીજી કોઈ રીતે મદદરૂપ બની શકીએ એમ હોય તો અમારી ઓફિસમાં ફોન કરો, અને યાદ રાખો કે પ્રભુ તમને પ્રેમ કરે છે અને અમે પણ તમને પ્રેમ કરીએ છીએ!

# લેખક વિશે

જોયર મેયર વિશ્વની એક અગ્રણી વ્યવહારિક બાઈબલ શિક્ષકો પૈકીમાંના એક છે. તેણીનો ટી. વી. અને રેડિયો બ્રોડકાસ્ટ "દરરોજ જીવન માણો." નું પ્રસારણ આખા વિશ્વભરમાં સેંકડો ટેલિવિઝન નેટવર્ક અને રેડિયો સ્ટેશનો પર પ્રસારણ થાય છે.

જોયસે ૧૦૦ કરતા વધારે પ્રેરણાદાયક પુસ્તકો લખ્યાં છે. તેણીના સૌથી વધારે વેચાણ ધરાવતાં પુસ્તકોમાં ઈશ્વર : તમારા પર પાગલ નથી, સારી ટેવો બનાવો, ખરાબ ટેવોને તોડો, જાતે તરફદારી કરો, માફ કરો, ભાવનાઓથી ઉપર જીવો, શક્તિશાળી વિચારો, મનની યુદ્ધભૂમિ, મહાન જુઓ, મહાન અનુભવ કરો, વિશ્વાસી મહિલા, હું તમને હિંમત કરું છું અને કદીપણ તજીશ નહીં.

To contact the author in the United States, please write:
Joyce Meyer Ministries
P.O. Box 655,
Fenton, Missouri 63026
or call: (636) 349-0303
or log on to: www.joycemeyer.org

**Go to tv.joycemeyer.org**
**to watch Joyce's messages in a variety of languages**

To contact the author in India, please write:

Joyce Meyer Ministries
C14, Vikrampuri Colony,
Karkhana, Secunderabad,
Telangana - 500 009
or log on to: www.jmmindia.org

*અમને તમારી સાક્ષી અથવા તો આ પુસ્તક દ્વારા તમને જો કોઈ મદદ પ્રાપ્ત થઈ હોય તો તેના વિશે અમને લખીને મોકલો, તમે તમારી પ્રાર્થના વિનંતીઓ પણ મોકલી શકો છો.*